dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -08 | Issue- 136 | AD - 2025, Maha Vad - 07 | Wednesday, Dt.19-02-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીનાં સુપડા સાફ : સલાયામાં ભાજપ ખાતું ખોલાવી ન શક્યું

# શહેરી મતદાતાનો ફરી એક વખત ભાજપ પર વિશ્વાસ : નગરપાલિકાઓમાં ભાજપનો ભવ્ય વિજય

અમદાવાદ,તા.૧૮

૧ મનપા અને ૬૮ નગરપાલિકામાંથી ૫૯ નગરપાલિકામાં ભાજપની ભવ્ય જીત થઈ છે. કુલ ૧૮૪૦ બેઠકોમાંથી ૧૩૪૧ બેઠકો પર ભગવો લહેરાયો છે. તો કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના સૂપડા સાફ થયા છે. ૬૮ માંથી ૬૮ નગરપાલિકાના પરિણામ જાહેર થયાં છે. જેમા ૫૯ નગરપાલિકાઓમાં ભાજપનો વિજય થયો આ વચ્ચે કેટલીક બેઠકોના પરિણામોએ ગુજરાતને ચોંકાવ્યા છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોઈ વિચારી ન શકે તેવા પરિણામોમાં ઉલટફેર જોવા મળ્યો છે. સત્તા ભલે ભાજપ પાસે ગઈ છે, પરંતુ કેટલાક પરિણામોએ તો ભાજપને પણ ચોંકાવી દીધા છે. આ ચૂંટણીથી ગુજરાતમાં સમાજવાદી પાર્ટીનો ઉદય થયો છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પહેલીવાર સમાજવાદી પાર્ટી પાસે સત્તા ગઈ છે.ગુજરાતની બે નગરપાલિકામાં સમાજવાદી પાર્ટીની ધમાકેદાર એન્ટ્રી થઈ છે. તો બીજી તરફ, છોટાઉદેપુરમાં સમાજવાદી પાર્ટીના ૬ ઉમેદવાર વિજેતા બન્યા છે. પોરબંદર જિલ્લાની રાણાવાવ અને કુતિયાણા નગરપાલિકામાં સમાજવાદી પાર્ટીનો વિજય થયો છે. રાણાવાવ નગરપાલિકામાં સમાજવાદી પાર્ટીએ ૨૦ અને ભાજપે ૮ સીટ પર વિજય મેળવ્યો છે. જ્યારે કુતિયાણા નગરપાલિકામાં સમાજવાદી પાર્ટીએ ૧૪ અને ભાજપે ૧૦ સીટ પર વિજય મેળવ્યો છે.રાણાવાવ નગરપાલિકા કુલ બેઠક ૨૮માંથી ૦૮ બેઠક - ભાજપ ,૨૦ બેઠક - સમાજવાદી પાર્ટી છોટાઉદેપુર નગરપાલિકામાં





સમાજવાદી પાર્ટીના ઉમેદવાર મૂફીર શેખની ૧ વોટથી જીત થઈ છે.આ ચૂંટણીમાં ૧ વોટનું પણ મહત્વ સમજાયું છે. ભાજપની સૌથી મોટી હાર સલાયા નગરપાલિકામાં થઈ છે. ભાજપે સલાયામાં ફેરવેલું બુલડોઝર ભારે પડ્યું છે. સલાયાની જનતાએ ભાજપને સમ ખાવા પૂરતી પણ બેઠક ન આપી. રાજ્યમાં પ્રથમ વખત ૨૭ ટકા ઓબીસી અનામત સાથે યોજાયેલી ૬૬ નગરપાલિકાની સામાન્ય ૨ નગરપાલિકાની મધ્યસત્ર તથા જુનાગઢ મનપાની ચૂંટણીની મતગણતરી પૂર્ણ થઈ ગઈ છે. જેમાં ભાજપનો ભવ્ય વિજય થયો છે અને કોંગ્રેસનો કરૂણ રકાસ થયો છે. જ્યારે બે મોટા અપસેટ થયા છે, જેમાં ચોરવાડ નગરપાલિકાના વોર્ડ નંબર-૩માં કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચૂડસમાનો પરાજય થયો છે, જ્યારે જૂનાગઢ મનપાની ચૂંટણીમાં ૬ વાર ડે.મેયર રહેલા ગિરીશ કોટેચાના પુત્ર પાર્થ કોટેચાની હાર થઈ છે. રાજુલા, લાઠી, જાફરાબાદ અને ચાલાલામાં ભવ્ય ભાજપની જીત થઈ છે.

**નગરપાલિકામાં કઈ પાર્ટીને કેટલી સીટ**

| પાર્ટી | સીટ | ટકા |
|---|---|---|
| ભાજપ | ૧૩૪૧ | ૭૩% |
| કોંગ્રેસ | ૨૫૨ | ૧૪% |
| સપા | ૩૪ | ૧.૮૦% |
| આપ | ૨૭ | ૧.૪૭% |
| બીએસપી | ૧૮ | ૦.૯૮% |
| અન્ય પક્ષ | ૧૭ | ૦.૯૨% |
| અપક્ષ | ૧૫૧ | ૮% |
| કુલ | ૧૮૪૦ | ૧૦૦% |

## અમે અમારા રોકાણ પદ્ધતિને આધુનિક બનાવી છે : ફૈઝલ અલ થાની

# ભારત અને કતાર વચ્ચેનો દ્વિપક્ષીય સંધી : બંને દેશો વચ્ચે ત્રીજી સૌથી મોટી વેપારી ભાગીદારી

નવીદિલ્હી,તા.૧૮

કતારે કહ્યું કે તે ભારત સાથે નવા દ્વિપક્ષીય રોકાણ પ્રમોશન અને સુરક્ષા કરાર માટે વાટાઘાટો ઝડપી બનાવવા માટે પગલાં લેવા તૈયાર છે. કતારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શેખ ફૈઝલ બિન થાની બિન ફૈઝલ અલ થાનીએ જણાવ્યું હતું કે ભારત તેનો ત્રીજો સૌથી મોટો વેપારી ભાગીદાર બની ગયો છે. તેમણે કહ્યું કે બંને દેશોના વ્યવસાયોએ રોકાણ અને ઔદ્યોગિક સહયોગને વધુ મજબૂત બનાવવા માટે સીમાઓ પાર



કરવાની જરૂર છે. 'અમે અમારા રોકાણ પદ્ધતિને આધુનિક બનાવી છે,' ફૈઝલ અલ થાનીએ ઉદ્યોગ સંસ્થા કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી ના ઈન્ડિયા કતાર બિઝનેસ ફોરમ કોન્ફરન્સમાં જણાવ્યું હતું. અમે ભારતીય રોકાણકારો અને ઉદ્યોગસાહસિકોને કતારના અર્થતંત્રની સાચી સંભાવના શોધવા માટે આમંત્રણ આપીએ છીએ. અમે નવા દ્વિપક્ષીય રોકાણ પ્રમોશન અને સુરક્ષા કરાર માટે વાટાઘાટોને વેગ આપવા માટે પગલાં લેવા તૈયાર છીએ. કતારના વાણિજ્ય મંત્રી એક વ્યાપારી પ્રતિનિધિમંડળ સાથે અહીં આવ્યા છે. તેઓ કતારના અમીર શેખ તમીમ બિન હમાદ અલ-થાની સાથે છે, જેઓ ગઈકાલે બે દિવસની મુલાકાતે અહીં પહોંચ્યા હતા. એપ્રિલ, ૨૦૦૦ થી સપ્ટેમ્બર, ૨૦૨૪ દરમિયાન ભારતને કતાર તરફથી ૧.૫ બિલિયન ડોલરનું વિદેશી પ્રત્યક્ષ રોકાણ મળ્યું. ભારત અને કતાર વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર ૨૦૨૪-૨૫માં ૧૪ બિલિયન થવાનો અંદાજ છે.

# યુપી વિધાનસભા : મહાકુંભમાં ભાગદોડ પર સમાજવાદી પાર્ટીએ હંગામો મચાવ્યો

(એચ.એસ.એલ),લખનૌ,તા.૧૮

ઉત્તર પ્રદેશ વિધાનસભામાં બજેટ સત્રના પહેલા દિવસે સમાજવાદી પાર્ટીના કાર્યકરોએ કેમ્પસમાં હોબાળો મચાવ્યો હતો હંગામો એટલો બધો હતો કે રાજ્યપાલ આનંદીબેન પટેલ માત્ર ૧૨ મિનિટમાં સંબોધન વાંચીને પાછા ફર્યા હતાં. બાકીનો ભાગ વિધાનસભા અને વિધાન પરિષદના અધ્યક્ષ દ્વારા વાંચવામાં આવ્યું હતું. હાથમાં બેનરો અને પ્લેકાર્ડ પકડીને, સપાના સભ્યો "લાઠી અને ગોળીઓની સરકાર



નહીં ચાલે, નહીં ચાલે" અને "અનામત વિરોધી, દલિત વિરોધી, બંધારણ વિરોધી સરકાર નહીં ચાલે, નહીં ચાલે" જેવા સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા. "આ પહેલી વાર બન્યું છે કે રાજ્યપાલ આનંદીબેન પટેલ માત્ર ૧૨ મિનિટમાં આખું ભાષણ વાંચ્યા વિના વિધાનસભા છોડી ગયા." વિધાનસભા સત્ર શરૂ થાય તે પહેલાં, ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી બ્રજેશ પાઠકે કહ્યું કે આ વખતનું બજેટ સત્ર ઉત્તર પ્રદેશ માટે એક સીમાચિહ્નરૂપ સાબિત થશે. વિપક્ષ પાસે મુદ્દાઓનો અભાવ છે. અમે એક ભવ્ય અને અદ્ભૂત કુંભ મેળાનું આયોજન કર્યું છે અને સમગ્ર વિશ્વમાં અમારી પ્રશંસા થઈ રહી છે. આવી સ્થિતિમાં, મહાકુંભમાં થયેલી ભાગદોડ અંગે વિપક્ષે સરકાર સામે જોરદાર વિરોધ કર્યો. સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ સભ્યો સુધાકર સિંહ અને એચ. એન. સિંહ પટેલે જણાવ્યું હતું કે પાર્ટીના ધારાસભ્યોએ સંભલ અને કુંભ સહિતના અનેક મુદ્દાઓ પર સરકારની નિષ્ફળતા સામે ધરણા કર્યા હતા.

# દેશના નવા ચૂંટણી કમિશ્નર તરીકે જ્ઞાનેશકુમારની પસંદગી કરવામાં આવી

નવીદિલ્હી,તા.૧૮

નવા મુખ્ય ચૂંટણી કમિશનરના નામની જાહેરાત કરવામાં આવી છે. જ્ઞાનેશ કુમાર નવા મુખ્ય ચૂંટણી



કમિશનર બનશે. તેઓ રાજીવ કુમારનું સ્થાન લેશે. આ માહિતી કાયદા મંત્રાલય દ્વારા આપવામાં આવી છે. ગયા વર્ષે માર્ચમાં જ્ઞાનેશ કુમારને ચૂંટણી કમિશનર તરીકે નામાંકિત કરવામાં આવ્યા હતા. તેઓ વર્તમાન મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારનું સ્થાન લેશે. જ્ઞાનેશ કુમાર આ વર્ષના અંતમાં બિહાર વિધાનસભાની ચૂંટણીઓ અને આવતા વર્ષે બંગાળ, આસામ અને તમિલનાડુની ચૂંટણીઓનું નિરીક્ષણ કરશે. કેરળ કેડરના ૧૯૮૮ બેચના આઈએએસ અધિકારી જ્ઞાનેશ કુમાર, ત્રણ સભ્યોની પેનલમાં બે કમિશનરોમાં સૌથી સિનિયર છે, જેનું નેતૃત્વ રાજીવ કુમાર આજે સવારે ઓફિસ છોડતા પહેલા કરી રહ્યા હતા.




# દિલ્હીનાં નવી સરકારનાં શપથગ્રહણ સમારોહમાં વડાપ્રધાન સહિત અનેક મહેમાનોને આમંત્રણ

નવીદિલ્હી,તા.૧૮

દિલ્હીમાં ૨૭ વર્ષ પછી ભાજપ સત્તામાં પાછી ફરી રહી છે. તે આ પ્રસંગને ઐતિહાસિક બનાવવા માંગે છે, જેના માટે ભાજપ કોઈ કસર છોડી રહી નથી. ભાજપની સત્તા પરથી દેશનિકાલના અંતની ઉજવણી રામલીલા મેદાનમાં થશે. દિલ્હી સરકારનો શપથ ગ્રહણ સમારોહ ગુરુવારે બપોરે ૧૨:૩૦ વાગ્યે યોજાવાનો છે, જેના માટે જોરદાર તૈયારીઓ ચાલી રહી છે. આ કાર્યક્રમને ભવ્ય બનાવવાની સાથે, ભાજપે પોતાની શક્તિ બતાવીને રાજકીય સંદેશ આપવાની રણનીતિ બનાવી છે, જેના માટે ખેડૂતોથી લઈને સંતો અને લાભાર્થીઓ સુધી દરેકને આમંત્રણ આપવામાં આવ્યું છે.

દિલ્હીમાં સત્તામાં પાછા ફર્યા બાદ, ભાજપ પહેલા દિવસ અને પહેલા શોને યાદગાર બનાવવા માંગે છે. એટલા માટે દિલ્હીમાં શપથ ગ્રહણ સમારોહમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને એનડીએ શાસિત રાજ્યોના તમામ મુખ્યમંત્રીઓ અને નાયબ મુખ્યમંત્રીઓને આમંત્રણ આપવામાં આવ્યું છે.







# પંજાબના ફરીદકોટમાં બસ અને ટ્રક વચ્ચે અકસ્માતમાં પાંચ લોકોના મોત

ફરીદકોટ,તા.૧૮

પંજાબના ફરીદકોટમાં સવારે ન્યૂ ડીપ કંપનીની એક બસ ટ્રક સાથે અથડાયા બાદ રેલિંગ તોડીને નાળામાં પડી ગઈ. આ અકસ્માતમાં એક મહિલા સહિત ૫ લોકોના મોત થયા હતા, જ્યારે ૪૦ થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. બધા ઘાયલોને સારવાર માટે ફરીદકોટની ગુરુ ગોવિંદસિંહ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અકસ્માતની માહિતી મળતા જ ડેપ્યુટી કમિશનર વિનીત કુમાર સહિત વહીવટી અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને બચાવ કાર્ય શરૂ



કર્યું હતું. ફરીદકોટના કોટકપુરા રોડ પર શાહી હવેલી નજીક એક ટ્રક સાથે સામસામે અથડાયા બાદ બસ નાળામાં પડી ગઈ. આ સમય દરમિયાન, મુસાફરોથી ભરેલી ન્યૂ ડીપ કંપનીની બસમાં મુસાફરી કરી રહેલા પાંચથી છ મુસાફરોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. ઘાયલ મુસાફરોને શક્ય તેટલી વહેલી તકે હોસ્પિટલમાં લઈ જવામાં આવી રહ્યા છે.




સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
બુધવાર, તા.૧૯-૦૨-૨૦૨૫

# રાજુલામાં હોસ્પિટલનાં ઈમરજન્સી ગેઈટ નજીક ગંદકીનાં ગંજ ખડકાતા લોકોમાં રોષ

રાજુલા, તા.૧૮

રાજુલા ખાતે આવેલ ભૂતા વોરા હોસ્પિટલનાં ઈમરજન્સી ગેઈટ નજીક કચરાનાં ઢગ સર્જાતા દર્દીઓ પરેશાન થયા છે. અહીં કચરા નજીક વિજ ટ્રાન્સફોર્મરની પેટીઓ પણ ખુલ્લી જોવા મળે છે. જેનાં કારણે હોસ્પિટલમાં આવતા રાહદારીઓ અને દર્દીઓને અકસ્માતનો ભય સતાવે છે.



રાજુલામાં જનરલ હોસ્પિટલ નવી બની છે. ત્યારે ઈમરજન્સી દરવાજાની પાસે બજાર પણ આવેલી છે. અહીં દરવાજા સામે કચરાનાં ઢગ સર્જાયા હોવાથી રેઢીયાળ પશુઓ પણ અહીં બેસે છે. અને ગંદકીનાં ગંજ સર્જાયા છે. આ ગંદકીની દુર્ગંધથી હોસ્પિટલમાં દર્દીઓને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. જેથી મચ્છરનો ઉપદ્રવ વધવાના કારણે લોકોનાં આરોગ્ય પર અસર થતી જોવા મળે છે. જેથી તંત્ર દ્વારા આ કચરાનો નિકાલ કરે અને વીજ તંત્ર ટ્રાન્સફોર્મરમાં રહેલી ખુલ્લી પેટીઓ બદલે તેવી લોકોમાંથી માંગ ઉઠી છે.

# લગ્ન નોંધણીકાંડમાં આખરે મોટા મુંજીયાસર ગામના વિવાદાસ્પદ તલાટી મંત્રીની બદલી

**સમગ્ર ઘટના બાબતે તલાટી મંત્રીને કારણદર્શક નોટિસ**

અમરેલી, તા.૧૮

બગસરા તાલુકાનાં મોટા મુંજીયાસર ગામે છેલ્લા કેટલાય સમયથી બેરોકટોક મસમોટી રકમ પડાવીને કોઈપણ પ્રકારની બીક રાખ્યા વગર લગ્ન નોંધણી કરાવવામાં આવી રહી હતી. મોટી સંખ્યામાં થતાં લગ્ન નોંધણી અંગે સંજોગ ન્યૂઝમાં અહેવાલ છપાતાં જ તંત્ર દોડતું થયું હતું. અને તપાસ હાથ ધરી હતી. સમગ્ર ઘટનાની ગંભીરતા જોઈ જિલ્લા વિકાસ અધિકારીએ તલાટી મંત્રીની તાત્કાલિક અસરથી બદલી કરી દીધી છે. અને કારણદર્શક નોટીસ પણ ફટકારી છે. લગ્ન નોંધણી અધિનિયમ ૨૦૦૬ની જોગવાઈ મુજબ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી સાથે ચર્ચા વિચારણા કરી આગળની કાર્યવાહી કરવામાં આવશે તેમ જાણવા મળ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે આટલી મોટી સંખ્યામાં લગ્ન નોંધણી થઈ હોય તો ફક્ત તલાટી મંત્રી એક જ સામેલ છે કે અન્ય કોઈ ટોળકી પણ સામેલ છે. તે પણ તપાસ કરવી જરૂરી છે. કારણ કે અન્ય જીલ્લામાંથી ડાયરેક્ટ લોકો મુંજીયાસર લગ્ન નોંધણી કરાવવા માટે કઈ રીતે પહોંચ્યા તે બાબતે પણ તપાસ થવી જોઈએ અને લગ્ન કરાવનાર ગોર, સાક્ષીઓની પણ પૂછપરછ થવી જોઈએ તો જ સાચી વિગતો બહાર આવશે.

# લીલીયા મોટામાં એહમદ મુનીર બાપુનું ભવ્ય સ્વાગત, સામાજિક મિશનમાં જોડાવા હાકલ

લીલીયા, તા.૧૮



લીલીયા મોટા ખાતે સરકાર દાદાબાપુના સુપુત્ર અને પીરે તરીકત સૈયદ એહમદ મુનીર બાપુએ સુન્ની મુસ્લિમ જમાતની મુલાકાત લીધી હતી. જ્યાં સમાજના આગેવાનો દ્વારા તેમનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. જુમ્મા મસ્જિદ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં એહમદ મુનીર બાપુએ સરકાર દાદા બાપુના નેક કામોના મિશનને આગળ ધપાવવા માટે સમાજને હાકલ કરી હતી. તેમણે વ્યસનમુક્તિ અભિયાન, નેક કામના ડબ્બા વિતરણ અને દારૂલ ઉલુમના બાળકોને દત્તક લેવા જેવા સામાજિક કાર્યોમાં જોડાવા માટે સમાજને આહ્વાન કર્યું હતું.

# દિલીપ સંઘાણીના નેતૃત્વમાં સહકારી પ્રતિનિધિ મંડળે ઉત્તરાખંડની સંસ્થાઓની મુલાકાત લીધી

અમરેલી, તા.૧૮

સહકારી આગેવાન અને ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીના નેતૃત્વમાં સહકારી પ્રતિનિધિ મંડળે ઉત્તરાખંડની વિવિધ સંસ્થાઓની મુલાકાત લીધી હતી. આ વેળાએ દિલીપ સંઘાણીએ જણાવેલ કે, સહકારી વર્ષની ઉપલક્ષતામા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી



સહકાર મંત્રલાયની રચના સાથે અમિતભાઈ શાહના નેતૃત્વમાં સહકારિતાને સક્ષમ બનાવવાની છે. આ સહકારી પ્રવૃતિને દેશવ્યાપી ગતિશિલ બનાવવા મોડેલ બાયલોઝ સાથે અનેક સહકારી તાલીમ યોજનાઓનું અમલીકરણ, જન જાગૃતિ સેમીનાર, સહકારી પ્રવૃતિ, કૃષિ, પશુપાલન, રોજગારી, મહિલા સહકારી મંડળીઓ, સખી મંડળો વિગેરે કામગીરી જે તે રાજયોના વિકાસમાં મહત્વપૂર્ણ પાસુ છે.

# NSS યુનિટ દ્વારા સાવરકુંડલાની શાળાના વિદ્યાર્થીઓની SBI બેંક મુલાકાતે

સાવરકુંડલા, તા.૧૮




તસવીર : સૌરભ દોશી

કે.કે.હાઈસ્કૂલ અને કે.કે ઘેલાણી હાયર સેકન્ડરી સ્કૂલ, સાવરકુંડલાના NSS યુનિટ દ્વારા ૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ ધોરણ ૧૧ આર્ટસના વિદ્યાર્થીઓ માટે SBI બેંકની શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. બેંક મેનેજર અને અન્ય અધિકારીઓએ વિદ્યાર્થીઓને બેંકિંગ સેવાઓની વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે વિવિધ પ્રકારના બેંક ખાતાઓ, વ્યાજ દર, આકસ્મિક યોજનાઓ, વીમા યોજનાઓ અને વિદ્યાર્થી બચત યોજનાઓની સમજ આપી હતી.

# અમરેલી તાલુકાનાં પાણીયા ગામે ૭ વર્ષનાં બાળકને સિંહે ફાડી ખાધો

અમરેલી, તા.૧૮

અમરેલી તાલુકાના પાણીયા ગામે રહેતા અને મૂળ મધ્યપ્રદેશના જાંબુવાના રહેવાસી સાત વર્ષીય રાહુલ નરુભાઈ બારીયા પર સિંહે હુમલો કર્યો હતો, આ ઘટનામાં રાહુલ બારીયાનું નિધન થયું હતું. પાણીયા ગામે સવારનાં સમયે પાણી ભરવા જતા સમયે



૭ વર્ષનાં નાના બાળક રાહુલ બારીયા પર સિંહે હુમલો કર્યો હતો. જેમાં બાળકનું મોત થયું હતું. બાળકનાં મૃતદેહને પીએમ અર્થે અમરેલી ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં જ વન વિભાગ દ્વારા તાત્કાલિક સિંહને પકડવા માટે કવાયત હાથ ધરવામાં આવી હતી. અને બપોરનાં સમયે સિંહનું રેસ્કયુ કરી એનિમલ કેર સેન્ટર ખાતે પરીક્ષણ અર્થે મોકલી આપવામાં આવ્યો હતો.

# અમરેલી નગરપાલિકા વોર્ડ નં.૭ની બેઠક કોંગ્રેસે જાળવી રાખી : માધવીબેન જાનીનો વિજય

અમરેલી, તા.૧૮

અમરેલી નગરપાલિકા વોર્ડ નં.૭ની ખાલી પડેલી બેઠકમાં કોંગ્રેસનાં ઉમેદવાર માધવીબેન જાનીનો ૮૬૫ મતે ભવ્ય વિજય થયો છે. અમરેલી નગરપાલિકામાં કોંગ્રેસે ૧ બેઠક જીતી પોતાનું પલડું સરભર કર્યું છે.



માધવીબેનનાં વિજયને તમામ કોંગ્રેસનાં આગેવાનોએ વધાવ્યો હતો.

# તોરી ગામમાં મહા રક્તદાન કેમ્પનું આયોજન, ૪૫ યુનિટ રક્ત એકત્ર થયું

તોરી, તા.૧૮

તોરી ગામના આયુષ્માન આરોગ્ય કેન્દ્ર ખાતે યોજાયેલા મહા રક્તદાન કેમ્પનો ઉપ સરપંચ પરેશભાઈ કોટડીયાના હસ્તે દીપ પ્રાગટ્ય કરી શુભારંભ કરવામાં આવ્યો હતો. આ કેમ્પમાં ૪૫ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં કુંકાવાવ તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. બલદાણીયા અને તોરી મેડિકલ અધિકારી રાઠોડે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. કાર્યક્રમમાં રામપુર સરપંચ મુનાભાઈ,ચંદ્રેશભાઈ, ભુવાભાઈ, નાગજીભાઈ અને વિક્રમભાઈ હીરપરા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



તસવીર : વિનુભાઈ કોટડીયા

વડીયાથી આવેલી યુવા ટીમ અને તોરી આઝાદ યુવક મંડળે કેમ્પમાં સક્રિય સહયોગ આપ્યો હતો. તોરી, રામપુર, નાજાપુર, અરજણસુખ અને પીઠડીયાના યુવાનો રક્તદાન કેમ્પને સફળ બનાવ્યો હતો.

# અમરેલીના ગાવડકા ખાતે સર્વજ્ઞાતિ સમૂહલગ્ન સાથે વિવિધ સામાજિક કાર્યોનું આયોજન

અમરેલી, તા.૧૮

અમરેલીના ગાવડકા ગામે સંત વેલનાથ મંદિરે આગામી તારીખઃ ૨૦/૦૨/૨૦૨૫ને ગુરૂવારના રોજ ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. જય વેલનાથ સમિતિ દ્વારા ૨૯માં સમૂહલગ્નમાં ૯ સર્વજ્ઞાતિના દંપતિ પ્રભુતામાં પગલા માંડશે. સાથે જ વિવિધ સેવાકીય પ્રવૃતિનું આયોજન કરવામાં આવેલ છે. આ સમૂહલગ્ન ગાવડકા ગામે પ્રથમ વખત યોજાતા હોવાથી સંતો, મહંતો, દાતાઓ, રાજકીય અગ્રણીઓ, મહિલા મંડળો, સેવાભાવી ગૃપ, સ્વયંસેવકો, આમંત્રિત મહેમાનો તથા ગામના મુખ્ય અગ્રણીઓ તથા ગ્રામજનોના માર્ગદર્શન સાથે આ આયોજન થઈ રહેલ છે. આ સાથે ગુજરાત સરકારનાં સંગીતનાટ્ય અકાદમીનાં સહયોગથી ગીત-સંગીત તથા સાંસ્કૃતિક કાર્યક્રમ, વ્યસનમુક્તિ સંકલ્પ, ઠાકોર સમાજ કર્મચારી સંગઠન, વેલનાથ સંચાલન સમિતિ દ્વારા મંદીર પરીસરમાં તૈયાર થયેલ હોલનું લોકાર્પણ કરાશે. તેમજ મંદિરમાં સંત વેલનાથ બાપુ ફોટો પધરામણી કાર્યક્રમ વગેરેનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગે દરેક સમાજસેવકો તથા અગ્રણીઓને પધારવા સમિતિનાં ધીરૂભાઈ મકવાણા તથા ભીખુભાઈ ચાવડીયા દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવે છે. તેમ ધીરૂભાઈ મકવાણાની યાદીમાં જણાવેલ છે.

# કૌશિક વેકરીયાનાં પ્રયત્નથી અમરેલી તાલુકામાં ૧.૫ કરોડનાં ખર્ચે છ ગામોમાં નવા પંચાયત ઘરો બનશે

અમરેલી, તા.૧૮

અમરેલી તાલુકાના છ ગામોમાં જર્જરિત પંચાયત ભવનોના સ્થાને નવા ભવનો બનાવવાની મંજૂરી મળી છે. નાયબ દંડક કૌશિક વેકરિયાની રજૂઆતને પગલે દરેક ગામ માટે ૨૫ લાખ રૂપિયાની રકમની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. માલવણ, ચાડિયા, સણોસરા, થોરડી, નાના ગોખરવાળા અને રાંઢીયા ગામોમાં હાલના પંચાયત ભવનો ૨૫-૩૦ વર્ષ જૂના અને જર્જરિત સ્થિતિમાં છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ધારાસભ્ય કૌશિક વેકરિયાએ કરેલી રજૂઆતને



પગલે નવા ભવનો માટેની મંજૂરી મળી છે. આગામી દિવસોમાં કુલ ૧.૫ કરોડના ખર્ચે આ છ ગામોમાં નવા પંચાયત ભવનોના નિર્માણની કામગીરી શરૂ કરવામાં આવશે. આ નવા ભવનોથી ગ્રામ પંચાયતની કામગીરી વધુ સુવ્યવસ્થિત રીતે થઈ શકશે અને ગ્રામજનોને પણ બેહતર સુવિધા મળશે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ ● વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીગ ● એસી જોબ ● એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ ● ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીગ ● ઈન્શાયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ | શ્રેષ્ઠ ગ્રાહક સેવા | ગુણવતાયુકત કામ | પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સમાં "સફળતાનો સ્મરણોત્સવ" ઉજવાયો








**મોટીવેશનલ સ્પીકર જય વસાવડાએ વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી વક્તવ્ય આપ્યું**

અમરેલી, તા.૧૮

અમરેલીની ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સમાં વાર્ષિક ઉત્સવ "સફળતાનો સ્મરણોત્સવ" ભવ્ય રીતે ઉજવાયો હતો. તા. ૧૨/૦૨/૨૦૨૫ના રોજ બોયઝ હોસ્ટેલના પટાંગણમાં યોજાયેલ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત વિદ્યાર્થીનીઓની સ્વાગત કૃતિઓથી થઈ, ત્યારબાદ શાળાના સંચાલક મયુરભાઈ ગજેરા તથા નિલેશભાઈ ગજેરા અને પ્રહલાદભાઈ વામજાએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. જય વસાવડા, કે.પી.મીયાણી, મનોહરસિંહ ગોહિલ, અશરફ પરમાર, ઘનશ્યામભાઈ સોલંકી, આશિષભાઈ જોષી, મુકુંદભાઈ મહેતા, દિપકભાઈ વઘાસીયા, રાજુભાઈ માંગરોળીયા સહિતનાં મહાનુભાવોના હસ્તે દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. બાદ, ગુજરાતના ખ્યાતનામ મોટીવેશનલ સ્પીકર જય વસાવડાએ વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી વક્તવ્ય આપ્યું હતું. આ સાથે જ ગત વર્ષના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીનીઓએ શાળા પ્રત્યેની લાગણી વ્યક્ત કરી અને સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કેતનભાઈ કાનપરિયાએ કર્યું હતું. સંચાલક મંડળ વતી ચંદુભાઈ ધાનાણીએ આભાર વ્યક્ત કર્યો હતો અને સૌએ સાથે ભોજન લીધું હતું.

# વડિયામાં મામલતદાર કચેરીની કથળેલી સ્થિતિ: ૫૦% જગ્યાઓ ખાલી, કાયમી મામલતદાર નથી

વડિયા, તા.૧૮




અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા વડિયામાં મામલતદાર કચેરીની સ્થિતિ દિવસે-દિવસે કથળી રહી છે. છેલ્લા ઘણા સમયથી કચેરી ચાર્જમાં ચાલી રહી છે અને કર્મચારીઓની અછત સેવાઓને અસર કરી રહી છે. કચેરીની વર્તમાન સ્થિતિ જોઈએ તો, કુલ ૧૦ નાયબ મામલતદારની જગ્યા સામે માત્ર ૫ જ કાર્યરત છે. ૯ કલાર્કની જગ્યા સામે માત્ર ૩ કલાર્ક કાર્યરત, રેવન્યુ તલાટીની ૯ જગ્યામાંથી ૪ ખાલી છે. આ સ્થિતિ પાછળનું મુખ્ય કારણ વડિયામાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ છે. સરકારી ક્વાર્ટર્સની અપૂરતી સુવિધા, ભાડાના મકાનોની અછત, શિક્ષણ અને આરોગ્યની અપૂરતી સુવિધાઓને કારણે કર્મચારીઓ અહીં નિમણૂક મેળવ્યા બાદ રાજકીય વગનો ઉપયોગ કરી બદલી કરાવી લે છે અથવા હાજર થતા નથી. લોકોની માગણી છે કે વર્તમાન સરકાર અને સત્તાધારી નેતાઓ વડિયામાં પાયાની સુવિધાઓ વિકસાવે જેથી કર્મચારીઓ અહીં સ્થાયી થઈ શકે. વડિયાને 'સજાનું કેન્દ્ર' માંથી મુક્તિ અપાવવા માટે કાયમી કર્મચારીઓની નિમણૂક અત્યંત જરૂરી બની ગઈ છે.

# બગસરાના મુખ્ય બજારમાં વગર વરસાદે નદી વહેતી હોય તેવી પરિસ્થિતિ : પ્રજા ત્રસ્ત

બગસરા, તા.૧૮



તસવીર : હાર્દીક બામટા

બગસરાના હાર્દસમા વિસ્તારમાં વગર વરસાદે રસ્તા પર વહેતા પાણીએ નાગરિકોની મુશ્કેલીઓમાં વધારો કર્યો છે. મુખ્ય બજાર વિસ્તારમાં આવેલી હવેલી અને શિવ મંદિરે જતા ભાવિકોને આ પાણીમાંથી પસાર થવું પડે છે, જે ખાસ કરીને વૃદ્ધ દર્શનાર્થીઓ માટે જોખમી બની રહ્યું છે. શિવરાત્રી નજીક આવી રહી હોવાથી શિવ મંદિરે દર્શનાર્થીઓની સંખ્યામાં વધારો થયો છે, પરંતુ રસ્તા પર વહેતા પાણીને કારણે તેમને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ સમસ્યાને કારણે વાહનચાલકોને અને ગ્રાહકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. પાણીના બેફામ વેડફાણ અને રસ્તા પર નિકાલ કરતા લોકો સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. સ્થાનિક રહીશો અને વેપારીઓએ માગણી કરી છે કે પાલિકા દ્વારા પાણીનો બેફામ વેડફાણ કરનારા લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને દંડ વસૂલવામાં આવે. જો આ સમસ્યાનું નિરાકરણ નહીં આવે તો વેપાર-ધંધા પર ગંભીર અસર પડવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.






# ખડાધાર સગાઈ પ્રસંગે જતા દેવીપૂજક સમાજનો ટેમ્પો પલટ્યો: ૨૦થી વધુ ઘાયલ

ખાંભા, તા.૧૮



ખાંભા તાલુકાના રબારીકા ગામેથી આજરોજ એક દેવીપૂજક પરિવારની સગાઈની વિધિ માટે ખડાધાર જઈ રહેલા લોકોનો ટેમ્પો અચાનક પલટી જતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ટેમ્પામાં સવાર ૨૦ થી ૨૫ જેટલા લોકોને ઈજાઓ પહોંચી હતી. ઘાયલ થયેલા તમામ લોકોને તાત્કાલિક સારવાર માટે ખાંભા, અમરેલી અને રાજકોટની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે.






## અવસાન નોંધ

**મેડી**

અરવિંદભાઈ મનજીભાઈ શીરોયાનું (ઉં.વ.૬૦)નું તા.૧૪ અવસાન થયેલ છે. તે શૈલેષભાઈનાં પિતાજી તેમજ રાકેશભાઈના પિતાજી થાય તથા રતીભાઈ મનજીભાઈના નાનાભાઇ થાય તથા હાર્દિકભાઈ નરેશભાઈનાં દાદા થાય થાય છે.

**અમરેલી**

સ્વ.રમાબેન બાબુભાઇ સોંડાગર (ઉં.વ.૮૧)નું તા.૧૬-૨-૨૦૨૫ના રોજ અમરેલી ખાતે અવસાન થયેલ છે. તે શરદભાઈ,જયસુખભાઈ તથા કિશોરભાઈના માતુશ્રી, બેચરભાઈ તથા રસિકભાઈના ભાભી,મયુરભાઈ તથા હાર્દિકભાઈના દાદીમા થાય છે.

## -:: જાહેર નોટીસ ::-

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ દિપક વી. નાગ્રેચા, અમરેલીના આથી આ નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમારા અસીલ નં.(૧).શ્રી અમીતકુમાર ચુનીલાલ ટાંક તથા નં.(૨).શ્રી વિમળાબેન નરસિહભાઈ યાદવે અમો પાસે અમરેલી જીલ્લા વ તાલુકાના અમરેલી શહેરમાં સુધરાઈ હદમાં લીલીયા રોડ પર રેલ્વે ફાટક બાદ "મોહન બાગ" માં આવેલ રે.સ.નં. ૨૯૪/૫ પૈકી ૧,૨૯૪/૪ ૨૯૪/૩ ૨૯૫ પૈકી ૧,૨૯૪/૨,૨૯૪/૧ પૈકી ૧, ૧૧૦૪, ૨૯૬ પૈકી ૧ જેનો સીટી સર્વે નં. એન.એ ૨૯૪/૫ પૈકી ૧,૨૯૪/૪,૨૯૪/૩, ૨૯૫ પૈકી ૧,૨૯૪/૨,૨૯૪/૧ પૈકી ૧, ૧૧૦૪, ૨૯૬ પૈકી ૧/૭ ની બીનખેડવાણ જમીન પ્લોટ નં૭/૧ ની જમીન આવેલ છે. તેના ચો.મી-૬૨.૫૯ છે. સદરહુ મિલ્કત અમારા અસીલ શ્રી અમીતકુમાર ચુનીલાલ ટાંક તથા શ્રી વિમળાબેન નરસિભાઈ યાદવે સયુકત રીતે તા.૧૧/૦૬/૨૦૨૦ના રોજ શ્રી જીવતીબેન ગોગનભાઈ સાકરીયા પાસેથી રજી,વે દ,નં.૧૩૬૩ થી ખરીદેલ છે.

સદરહુ મિલ્કતવાળી પ્લોટની જમીન નં.(૧).હેમંતભાઇ દવારકાદાસ સેંજલીય (પટેલ) તથા નં.(૨).ગીતાબેન વિનોદરાય પટેલ નં.(૩). ધીરેનભાઇ વિનોદરાઇ પટેલ નં.(૪).ભાસ્કરભાઇ વિનોદરાય પટેલ તથા નં.(૫).મીરાબેન વિનોદરાઇ પટેલ તેના કુલ મુખત્યાર નં.૩ પોતે જાતે તથા નં.૨,૪,૫ ના કુલ મુખત્યાર નં.(૩).ધીરેનભાઇ વિનોદરાઇ પટેલ દવારા જીવતીબેન ગોગનભાઇ સાકરીયાએ તા.૨૭/૦૫/૨૦૧૫ના રોજ રજી વેચાણ દ.નં.૧૯૮૫ થી વેચાણ રાખેલ છે. અને તેમની પાસેથી અમારા અસીલ નં.(૧).શ્રી અમીતકુમાર ચુનીલાલ ટાંક તથા નં.(૨). શ્રી વિમળાબેન નરસિભાઇ યાદવે તા.૧૧/૦૬/૨૦૨૦ના રોજ રજી.વે.દ.નં.૧૩૬૩ થી ખરીદેલ છે.તે મિલ્કતના ટાઇટલ કલીયર માટે માંગણી કરતા હોઇ તે રીતે સદરહુ મિલ્કતનો અગાઉનો વેચાણ વ્યવહાર ઉપરોકત કુલમુખત્યાર દરજજે થયેલ છે. ત્યારે સદર કુલમુખત્યારનામું અમલમાં હતુ.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યક્તિનું કે કોઈ નાણાકીય સંસ્થા કે અર્ધ સરકારી સંસ્થાનું હીત સમાયેલુ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય, કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો, અથવા કોઇ ઇસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક-હિસ્સો હોય અથવા આ મિલ્કત અગાઉ કુલમુખત્યારનામું આપનાર દવારા તેને અગાઉ રદ કરવામાં આવેલ હોય તો કુ.મુ. દવારા ઉપરોકત વેચાણ વ્યવહાર થયેલ હોઈને, જેથી નિયમ અનુસાર સદરહુ મિલ્કતનો ટાઇટલ કલીયર રીપોર્ટ આપતા પહેલા જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,

આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં સદરહુ મિલ્કત અંગે કોઇને કઇ પણ હરકત, વાંધા તકરાર, હોય તો લેખીતમાં આધાર પુરાવા સાથે અમોને નીચે જણાવેલ સરનામે જણાવવુ, અન્યથા તે અંગે કોઇને હરકત, વાંધા તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા(વેઇવ) કરેલ છે. તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઇટલ કલીયર રીપોર્ટ / એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કઇ પણ વાંધા તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી તેની જાહેર જનતાને તેમજ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

**તા. ૧૭/૦૨/૨૦૨૫**
**અમરેલી.**
**૧૧૭, ફસ્ટ ફ્લોર, નારણ આર્કેડ, ભીડ ભંજન**
**મહાદેવ મંદિર સામે, લીલીયા રોડ, અમરેલી**

સહી
દિપક વી. નાગ્રેચા
એડવોકેટ અમરેલી














પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

**તંત્રી લેખ**

# દિલ્હીના મુખ્યમંત્રીનો તાજ કોના શિરે

પ્રવેશ વર્માએ કટર ઈમાનદારને ઘરે બેસાડ્યા પછી એમ માનવામાં આવે છે. મુખ્યમંત્રી પદ પરના મુખ્ય દાવેદાર પ્રવેશ વર્મા છે પરંતુ આ બાબતમાં છેલ્લી ઘડીએ કોઈ નવો જ ચહેરો દિલ્હીના ગાદીપતિ બને એવું ચોક્કસ બની શકે.

દિલ્હીમાં આમ આદમીની સત્તા ખતમ થઈ કે તરત જ મુખ્યમંત્રી પદ પર કોણ બિરાજમાન થશે. તેની ચર્ચાઓ શરૂ થઈ ગઈ હતી. જે આજે પણ ચાલુ છે. બીજી બાજુ દિલ્હીની અંદર મુખ્યમંત્રીના શપથ સમારોહની ભવ્ય તૈયારીઓ પૂર્ણતાને આરે જ છે.પરંતુ સીએમની ચેર પર કોણ બિરાજમાન થશે તે હજુ નક્કી થયું નથી. આજની તારીખે મુખ્યમંત્રી પદ માટેના દાવેદારોની યાદી ખૂબ મોટી છે પરંતુ તેમાં મુખ્યત્વે છે પ્રવેશ વર્મા, રેખા ગુપ્તા, મનોજ તિવારી... દિલ્હીના મુખ્યમંત્રી પદની રેસમાં કોણ છે? કોનો દાવો વધુ મજબૂત છે તે આજે દેશભરમાં ચર્ચાનો વિષય રહયો છે.

દિલ્હીમાં શપથ ગ્રહણ સમારોહની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે, પરંતુ મુખ્યમંત્રીના નામ પર હજુ સુધી કંઈ નક્કી થયું નથી. ભાજપ ધારાસભ્ય દળની બેઠક ૧૯ ફેબ્રુઆરીએ યોજાશે અને તે જ દિવસે મુખ્યમંત્રીના નામની જાહેરાત શક્ય છે. દિલ્હીમાં મુખ્યમંત્રી પદ માટે ભાજપ તરફથી અનેક નામોની અટકળો ચાલી રહી છે. શપથ ગ્રહણ સમારોહ ૨૦ ફેબ્રુઆરીએ રામલીલા મેદાનમાં યોજાશે.

પ્રવેશ વર્મા, મનોજ તિવારી, રેખા ગુપ્તા મુખ્યમંત્રી પદની રેસમાં સામેલ.દિલ્હીમાં ભાજપ તરફથી મુખ્યમંત્રી કોણ બનશે? હજુ સુધી નિર્ણય લેવામાં આવ્યો નથી., શપથ ગ્રહણ સમારોહ ૨૦ ફેબ્રુઆરીએ સાંજે ૪:૩૦ વાગ્યે રામલીલા મેદાનમાં યોજાશે, જેના માટે તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. વાસ્તવમાં, દિલ્હી ભાજપ વિધાનસભા પક્ષની બેઠક ૧૭ ફેબ્રુઆરીએ યોજાવાની હતી, પરંતુ બાદમાં તેને ૧૯ ફેબ્રુઆરી સુધી મુલતવી રાખવામાં આવી હતી. એ જ દિવસે મુખ્યમંત્રીના નામની જાહેરાત થવાની અપેક્ષા હતી. પાર્ટીએ શપથ ગ્રહણ સમારોહના પ્રભારી તરુણ ચુઘ અને વીરેન્દ્ર સચદેવાને પણ નિયુક્ત કર્યા છે. જોકે, બધામાં ચર્ચા એ છે કે દિલ્હીના નવા મુખ્યમંત્રી કોણ બનશે ? આ યાદીમાં પ્રવેશ વર્મા અને મનોજ તિવારી સહિત ઘણા નામો છે, જેમના વિશે અટકળો લગાવવામાં આવી રહી છે. તો ચાલો જાણીએ કે આ ચહેરાઓમાં કોનો દાવો વધુ મજબૂત છે અને આ રેસમાં કોણ સામેલ છે અને શા માટે. પ્રવેશ વર્માઃ મુખ્યમંત્રી પદની રેસમાં, નવી દિલ્હી વિધાનસભા બેઠક પરથી આમ આદમી પાર્ટીના પ્રમુખ અરવિંદ કેજરીવાલને હરાવનારા પ્રવેશ વર્માનું નામ સૌથી આગળ છે. જાટ મતદારો પર તેમનો મોટો પ્રભાવ હોવાનું માનવામાં આવે છે. હરિયાણા અને પશ્ચિમ યુપીમાં પણ તેમનું વર્ચસ્વ છે. આ ઉપરાંત તેઓ બે વાર સાંસદ પણ રહી ચૂક્યા છે. વીરેન્દ્ર સચદેવાઃ દિલ્હી ભાજપ પ્રમુખ વીરેન્દ્ર સચદેવા પણ મુખ્યમંત્રી પદની રેસમાં છે. સંઘ અને સંગઠનમાં મજબૂત પકડ ધરાવતા વીરેન્દ્ર સચદેવના નેતૃત્વમાં, ભાજપે લગભગ ત્રણ દાયકા પછી દિલ્હીની ચૂંટણી જીતી છે. મનોજ તિવારીઃ સતત ત્રણ વખત લોકસભા ચૂંટણી જીતનારા મનોજ તિવારી પણ દિલ્હીના મુખ્યમંત્રી પદની રેસમાં છે. ટીમ મોદી સાથે તેમનું સારું ટ્યુનિંગ હોવાનું માનવામાં આવે છે. આ ઉપરાંત, તેઓ દિલ્હીમાં પૂર્વાંચલનો સૌથી મોટો ચહેરો છે. આવી સ્થિતિમાં, તેને પણ નબળા માનવામાં આવી રહ્યા નથી. મનજિંદર સિંહ સિરસાઃ ત્રીજી વખત ધારાસભ્ય બનેલા સિરસાનું ભાજપના મુખ્યમંત્રી પદની રેસમાં પણ ખાસ મહત્વ છે. દિલ્હી ભાજપનો એક મોટો શીખ ચહેરો હોવા ઉપરાંત, સિરસા પાર્ટીના ભૂતપૂર્વ રાષ્ટ્રીય મંત્રી પણ રહી ચૂક્યા છે. રેખા ગુપ્તાઃ દિલ્હીના મુખ્યમંત્રી પદની રેસમાં રેખા ગુપ્તાનું નામ પણ છે. તેઓ શાલીમાર બાગ વિધાનસભા બેઠક પરથી જીત્યા છે. દિલ્હી મહિલા મોરચાના ઉપાધ્યક્ષ હોવા ઉપરાંત, તેઓ રાજ્ય ભાજપના ભૂતપૂર્વ મહાસચિવ પણ રહી ચૂક્યા છે. મોહન સિંહ બિષ્ટઃ દિલ્હીના મુખ્યમંત્રી પદની રેસમાં બીજું નામ મોહન સિંહ બિષ્ટ છે. મુસ્લિમ પ્રભુત્વ ધરાવતી મુસ્તફાબાદ બેઠક પરથી જીત મેળવનાર બિષ્ટ છ વખત ભાજપના ધારાસભ્ય રહી ચૂક્યા છે. યુનિયન અને સંગઠનમાં પણ તેમનો મજબૂત દબદબો છે.

# અમરેલી જિલ્લાના મતદારોનો આભાર માનતા ધારાસભ્ય મહેશ કસવાલા

સાવરકુંડલા.

અમરેલી જીલ્લા સહિત સમગ્ર ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ)નો ભગવો લહેરાયો છે. તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપે નગરપાલિકા ચલાલા, જાફરાબાદ, રાજુલા,લાઠી તેમજ પેટા ચૂંટણી સાવરકુંડલા, અમરેલી,દામનગરમાં જંગી જીત મેળવી છે. આ જીત અંગે ભાજપના નેતા મહેશ કસવાલાએ જણાવ્યું હતું કે આ સફળતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની લોકપ્રિયતા અને તેમની સરકાર દ્વારા કરવામાં આવેલા વિકાસ કાર્યોનું પરિણામ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલના નેતૃત્વમાં સંગઠને જે સક્રિયતા અને સેવા દાખવી છે તેના કારણે



જનતાએ ભાજપ પર પોતાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. વધુમાં મહેશ કસવાલાએ જણાવ્યું હતુ કે, ભાજપ હંમેશા જનતાની સેવા માટે તત્પર છે અને ભવિષ્યમાં પણ આ સેવા ચાલુ રહેશે.તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આગામી સમયમાં પણ ભાજપ ગુજરાતમાં વિકાસની ગતિને વધુ તેજ કરશે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપના ભવ્ય વિજય બદલ ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અમરેલી જિલ્લાના મતદારોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# દામનગરમાં પરિણીતાએ, અમરેલીમાં યુવતિએ ફિનાઈલ પીધું

**અમરેલીમાં રહેતી યુવતિએ મૈત્રી કરાર કર્યા હતા**

અમરેલી, તા.૧૮

અમરેલી જિલ્લામાં બે મહિલાએ ફિનાઈલ પીધું હતું. દામનગરમાં રહેતી એક પરિણીતા તેના ઘરે નાસ્તો બનાવતી હતી ત્યારે તેની પુત્રી રડતી હતી. જેથી પતિ સાથે પુત્રીને રાખવા મુદ્દે રકઝક થઈ હતી. બનાવ અંગે મનમાં લાગી આવતાં બાથરૂમમાં પડેલી ફિનાઈલની બોટલમાંથી થોડું ફિનાઈલ પી લીધું હતું. અમરેલીમાં રહેતી એક યુવતિએ એક વર્ષ પહેલાં મૈત્રી કરાર કર્યા હતા. જેથી તેના પિતાને ગમતું નહોતું અને અવાર નવાર વતનમાં આવી જવાનું કહેતા હતા. જેથી તેને લાગી આવતાં પોતાની મેળે થોડું ફિનાઈલ પીધું હતું. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ ડી વી સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાડા ત્રણ વર્ષથી નાસતા ફરતા આરોપીને ડુંગર પોલીસ ટીમે ભાવનગરથી ઝડપ્યો

અમરેલા, તા.૧૮

રાજુલાના કુંભારીયા ગામે રહેતા ચેતનભાઈ છનાભાઈ સોલંકી જામીન પર છૂટ્યો હતો. જે બાદ પોતાના વિરુદ્ધ ચાલતાં કેસમાં કોર્ટની મુદતમાં હાજર રહેતો નહોતો. તેની વિરુદ્ધ અવાર વોરંટ કાઢવા છતાં સાડા ત્રણ વર્ષથી નાસતો ફરતો હતો. હ્યુમન અને ટેક્નિકલ સોર્સના આધારે ડુંગર પોલીસ ટીમે તેને ભાવનગરથી ઝડપી પાડ્યો હતો. આ



કામગીરી ડુંગર પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ ડી ગોહીલ, એએસઆઈ મગનભાઈ પીછડીયા, હેડ કોન્સ્ટેબલ વનરાજભાઈ ધાખડા, પોલીસ કોન્સ્ટેબલ કનુભાઈ મોભ, પ્રતાપભાઈ બોરીચા તથા ડુંગર પોલીસ ટીમ દ્વારા કરવામાં આવી હતી.

# પીધેલી હાલતમાં સર્પાકાર વાહન ચલાવતાં બે ઈસમો ઝડપાયા

**કડીયાળી ગામે નેશનલ હાઇવે પાસેથી હરિયાણાનો જાહિદ ખાન ડ્રાઇવિંગ લાયસન્સ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ટ્રકને સર્પાકાર રીતે ચલાવતો ઝડપાયો**

અમરેલી, તા.૧૮

અમરેલી જિલ્લામાંથી પોલીસે પીધેલી હાલતમાં સર્પાકાર વાહન ચલાવતાં બે ઈસમો ઝડપી પાડ્યા હતા. કડીયાળી ગામે નેશનલ હાઈવે પાસેથી હરિયાણાનો જાહિદ ખાન ડ્રાઈવિંગ લાયસન્સ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ટ્રકને સર્પાકાર રીતે ચલાવતો ઝડપાયો હતો. ધારેશ્વર ગામ પાસેથી ત્રાકુડાનો ભરતભાઈ લખમણભાઈ પરમાર બાઈકને કેફી પીણું પીધેલી હાલતમાં સર્પાકાર રીતે ચલાવતાં મળી આવ્યો હતો.

# અમરેલી જિલ્લામાંથી છ પ્યાસી પકડાયા

અમરેલી, તા.૧૮

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી ૬ પ્યાસીને ઝડપી પાડ્યા હતા. પચપચીયા ગામેથી બે, ધારેશ્વર ગામે પાસેથી બે, ગોરડકા તથા ખાંભામાંથી એક-એક મળી કુલ છ ઈસમો કેફી પીણું પીને ફરતી હાલતમાં મળી આવ્યા હતા. તમામ સામે પ્રોહિબીશન અંતર્ગત કાર્યવાહી કરવામાં આવી હતી.

# ખાંભાના નવા માલકનેશ ગામે વેપારીને ભૂંડા બોલી દુકાનમાં તોડફોડ કરી

ખાંભા, તા.૧૮

ખાંભાના નવા માલકનેશ ગામે રહેતા એક વેપારી તથા તેના બનેવીને ગાળો આપી મુંઢ માર માર્યો હતો. તેમજ દુકાનમાં તોડફોડ કરી હતી. બનાવ સંદર્ભે વેપારી મનોજભાઈ જયંતીભાઈ સોલંકી (ઉ.વ.૩૦) એ દિલીપભાઈ રામકુભાઈ ચાંદુ ગૌતમભાઈ જગુભાઈ બોરીચા તથા દિપુભાઈ જગુભાઈ વરૂ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, એકાદ વર્ષ પહેલા દિલીપભાઈ ચાંદુના મોટા ભાઈ તેમના હવાલાવાળી ટુ-વ્હીલ લઈ તેમની દુકાને પંચર કરાવવા આવ્યા હતા. તે વખતે તેમણે તેને પંચર કરવાની ના પાડી તુકારો કર્યો હતો. તે વાતનું જુનુ મન દુ.ખ રાખી આરોપીઓએ તેમના હવાલા વાળી સફેદ કલરની ફોરવ્હીલ ગાડી લઈને આવ્યા હતા અને લોખંડ પાઈપો કાઢી જેમ-ફાવે તેમ ગાળો આપી હતી. તેમજ તેના બનેવીને ઢીકાપાટુનો મુઢ માર માર્યો હતો. તેમના બહેન બચાવવા વચ્ચે પડતા તેને નીચે પછાડી દઈ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી બનેવીની ફોરવ્હીલમાં લોખંડની પાઈપના ઘા મારી આશરે રૂ.૧,૦૦,૦૦૦ નું તથા તેમની દુકાનની અંદર ગેરકાયદે પ્રવેશ કરી બે ફ્રિજ તથા સોડા કાઢવાનું ફાઉન્ડર મશીન અને કાઉન્ટર પર પડેલી કાચની બરણીઓ આશરે ૩૦(ત્રીસ) જેટલી તોડી નાંખીને કુલ રૂ.૪,૦૦,૦૦૦નું નુકશાન કર્યું હતું.

# દામનગરમાં રત્ન કલાકારને ગાળો આપી ઢીકા માર્યા

દામનગર, તા.૧૮

દામનગરમાં રહેતો એક રત્ન કલાકાર ઘરના ઓટા બહાર બેઠો હતો ત્યારે તેને ગાળો આપી ઢીકા માર્યા હતા. બનાવ સંદર્ભે અર્જુનભાઈ જીવણભાઈ સાથળીયા, (ઉ.વ.૨૮) એ તુષારભાઈ વિપુલભાઈ રાઠોડ તથા અમીતભાઈ હિંમતભાઈ ઓગણીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ દામનગર ખાતે ખોડીયારનગરમાં આવેલા રેલવેના ગરનાળાની બહાર ઓટા ઉપર બેઠા હતા. તે દરમિયાન તુષારભાઈ રાઠોડે ગાળો આપી માથાના ભાગે ઢીકાપાટુનો માર માર્યો હતો. અમીતભાઈ ઓગણીયાએ ડાબા હાથના બાવડાના ભાગે ઢીકા માર્યા હતા. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે આર સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૧૦ | ૧૪૯૦ |
| ઘઉં લોકવન | ૬૦૧ | ૬૪૬ |
| ઘઉં ટુકડા | ૬૧૧ | ૭૦૧ |
| જુવાર સફેદ | ૭૫૦ | ૯૨૫ |
| બાજરી | ૩૫૦ | ૫૧૦ |
| તુવેર | ૧૨૫૦ | ૧૫૧૮ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૧૩૦ |
| ચણા સફેદ | ૧૨૫૦ | ૧૯૫૦ |
| અડદ | ૧૩૧૦ | ૧૬૧૬ |
| મગ | ૧૦૫૦ | ૧૬૩૮ |
| વાલ દેશી | ૮૫૦ | ૧૨૬૦ |
| ચોળી | ૧૩૦૦ | ૨૩૧૧ |
| મઠ | ૪૫૦ | ૮૫૦ |
| વટાણા | ૧૨૦૦ | ૨૩૦૦ |
| મગફળી જાડી | ૯૨૦ | ૧૧૨૮ |
| મગફળી જીણી | ૯૪૦ | ૧૨૨૦ |
| અળશી | ૮૦૦ | ૮૦૦ |
| તલી | ૧૯૦૦ | ૨૧૨૫ |
| એરંડા | ૧૧૪૫ | ૧૨૩૦ |
| અજમો | ૧૪૪૦ | ૨૦૫૧ |
| સુવા | ૯૧૧ | ૧૩૦૧ |
| સોયાબીન | ૭૪૦ | ૭૭૬ |
| સીંગફાડા | ૧૦૪૦ | ૧૨૮૦ |
| કાળા તલ | ૩૫૦૦ | ૫૧૫૧ |
| લસણ | ૮૫૦ | ૧૪૦૦ |
| ધાણા | ૧૨૦૦ | ૨૦૫૨ |
| મરચા સુકા | ૮૦૦ | ૨૨૩૦ |
| ધાણી | ૧૨૦૦ | ૧૯૫૦ |
| વરીયાળી | ૧૧૩૦ | ૧૪૯૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૨૦૦ |
| રાય | ૧૦૪૦ | ૧૩૯૦ |
| મેથી | ૭૩૦ | ૯૭૦ |
| અશેરીયો | ૧૩૫૦ | ૧૫૫૦ |
| કલોંજી | ૨૪૩૧ | ૩૫૦૦ |
| રાયડો | ૯૮૦ | ૧૧૧૧ |
| રજકાનું બી | ૪૦૦૦ | ૪૫૦૦ |
| ગુવારનું બી | ૯૧૦ | ૯૫૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૩૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૧૬૦ | ૨૭૧ |
| ડુંગળી સુકી | ૧૮૦ | ૫૩૦ |

| | | |
|---|---|---|
| ટમેટા | ૫૦ | ૧૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૬૦ | ૧૫૦ |
| સકરીયા | ૩૫૦ | ૬૨૦ |
| મુળા | ૩૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૩૩૦ | ૫૧૦ |
| કોબીજ | ૩૦ | ૬૦ |
| ફ્લાવર | ૮૦ | ૧૪૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ચોળાસીંગ | ૮૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૧૫૦ | ૩૦૦ |
| ટીંડોળા | ૪૦૦ | ૮૦૦ |
| દુધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૫૫૦ | ૭૦૦ |
| સરગવો | ૩૦૦ | ૯૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૬૦૦ |
| પરવર | ૧૪૦૦ | ૧૮૦૦ |
| કાકડી | ૪૦૦ | ૭૦૦ |
| ગાજર | ૨૦૦ | ૪૦૦ |
| વટાણા | ૩૦૦ | ૫૦૦ |
| તુવેરસીંગ | ૩૦૦ | ૬૦૦ |
| ગલકા | ૨૦૦ | ૬૦૦ |
| બીટ | ૧૦૦ | ૩૦૦ |
| મેથી | ૧૦૦ | ૨૦૦ |
| વાલ | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૧૦૦ | ૩૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| ચણા લીલા | ૧૦૦ | ૩૫૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૫૦૦ |
| હળદર લીલી | ૪૦૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૪૦૦ | ૭૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૯૦૦ | ૧૦૫૮ |
| ગિરનારી શીંગ | ૧૨૬૦ | ૧૨૮૧ |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૦૭૮ |
| શિંગ ફાડા | ૯૫૫ | ૧૨૬૦ |
| તલ સફેદ | ૧૨૫૦ | ૨૨૪૦ |
| તલ કાળા | ૨૪૭૦ | ૪૯૦૦ |
| તલ કશમીરી | ૨૪૪૦ | ૨૫૪૦ |
| બાજરો | ૪૫૦ | ૫૬૨ |
| જુવાર | ૫૦૨ | ૧૦૨૮ |

| | | |
|---|---|---|
| ઘઉં ટુકડા | ૫૨૨ | ૭૨૧ |
| ઘઉં લોકવન | ૫૪૨ | ૬૬૩ |
| અડદ | ૧૩૦૦ | ૧૩૭૧ |
| ચણા | ૮૦૦ | ૧૧૦૬ |
| તુવેર | ૧૧૧૨ | ૧૫૫૦ |
| કપાસ | ૯૨૫ | ૧૪૯૭ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૧૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૧૪૫ |
| ધાણા | ૯૭૦ | ૧૬૮૦ |
| સોયાબીન | ૫૭૫ | ૭૮૫ |
| મરચા લાંબા | ૫૦૦ | ૪૬૦૦ |
| કાંગ | ૮૦૦ | ૧૦૦૬ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૯૦ | ૨૩૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| ફુલાવર | ૧૦૦ | ૨૦૦ |
| કોબીજ | ૬૦ | ૧૦૦ |
| શકકરીયા | ૨૫૦ | ૩૫૦ |
| ટામેટા | ૮૦ | ૧૧૦ |
| સુરણ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૨૦૦ | ૩૦૦ |
| દૂધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૫૬૦ | ૭૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| મુળા | ૧૬૦ | ૨૦૦ |
| કાકડી | ૨૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૩૦૦ |
| વટાણા | ૩૫૦ | ૪૦૦ |
| ચોળા લીલાં | ૫૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૪૪૦ | ૭૦૦ |
| આમળા | ૭૦૦ | ૯૦૦ |
| ચણાં લીલા | ૫૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૭૦૦ | ૯૦૦ |
| આદુ | ૮૦૦ | ૮૫૦ |
| કોથમીર | ૨૦૦ | ૨૫૦ |
| મેથીભાજી | ૪૦૦ | ૫૦૦ |
| ફુદીનો | ૪૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૮૦૦ |
| બીટ | ૨૦૦ | ૨૫૦ |
| તુવેર | ૩૦૦ | ૫૦૦ |
| સરગવો | ૩૦૦ | ૮૦૦ |

| | | |
|---|---|---|
| લીમડો મીઠો | ૨૦૦ | ૩૩૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૭૦૦ |
| મરચા લાલ | ૨૦૦ | ૭૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સૂકી | ૨૦૦ | ૫૬૦ |
| લસણ લીલુ | ૫૦૦ | ૬૦૦ |
| વાલ | ૪૦૦ | ૫૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૯૦૦ | ૧૦૦૦ |
| પાલક | ૪૦૦ | ૭૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૧૦૧ | ૧૪૪૬ |
| ઘઉં લોકવન | ૪૮૧ | ૬૪૬ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૭૧૬ |
| મગફળી જીણી | ૭૬૧ | ૧૦૯૬ |
| સિંગ ફાડીયા | ૭૭૧ | ૧૨૪૧ |
| એરંડા / એરંડી | ૧૦૪૧ | ૧૨૬૧ |
| જીરૂ | ૩૬૪ | ૪૨૬૧ |
| ધાણા | ૮૦૦ | ૧૪૭૧ |
| લસણ સુકું | ૩૯૧ | ૧૩૪૧ |
| ડુંગળી લાલ | ૧૫૧ | ૫૪૧ |
| અડદ | ૧૦૦૧ | ૧૬૨૧ |
| મઠ | ૭૦૧ | ૮૪૧ |
| તુવેર | ૧૧૧૧ | ૧૫૪૧ |
| રાજગરો | ૧૨૬૧ | ૧૨૬૧ |
| રાય | ૯૮૧ | ૧૦૩૧ |
| મેથી | ૬૦૧ | ૧૦૮૧ |
| કાંગ | ૪૬૧ | ૯૪૧ |
| મરચા | ૫૫૧ | ૩૫૦૧ |
| મગફળી જાડી | ૬૬૧ | ૧૧૬૧ |
| નવા ધાણા | ૮૦૧ | ૨૧૫૧ |
| નવી ધાણી | ૯૦૧ | ૩૩૫૧ |
| નવું જીરૂ | ૩૫૩૧ | ૪૫૦૧ |
| નવું લસણ | ૪૯૧ | ૧૪૫૧ |
| સફેદ ચણા | ૯૫૦ | ૧૪૫૧ |
| તલ - તલી | ૧૭૦૦ | ૨૩૫૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૪૪૧ |
| ડુંગળી સફેદ | ૨૦૧ | ૩૨૧ |
| બાજરો | ૫૭૧ | ૫૭૧ |
| જુવાર | ૪૫૧ | ૪૫૧ |
| મકાઇ | ૪૬૧ | ૪૬૧ |
| મગ | ૧૧૯૧ | ૧૭૪૧ |

| | | |
|---|---|---|
| ચણા | ૧૦૦૧ | ૧૧૧૧ |
| વાલ | ૩૫૧ | ૮૮૧ |
| ચોળા / ચોળી | ૯૦૧ | ૧૦૯૧ |
| સોયાબીન | ૬૬૧ | ૭૬૬ |
| ગોગળી | ૭૭૧ | ૯૯૧ |
| વટાણા | ૩૦૦ | ૨૨૭૧ |
| **ગોંડલ(શાકભાજી)** | | |
| ટમેટા | ૩૦ | ૧૨૦ |
| મરચા | ૨૨૦ | ૬૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૫૦૦ |
| કોબી | ૩૦ | ૪૦૦ |
| દુધી | ૪૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૬૦ | ૧૦૦ |
| કાકડી | ૧૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૬૦ | ૩૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૮૦૦ |
| ગલકા | ૧૦૦ | ૩૦૦ |
| ગાજર | ૧૦૦ | ૨૨૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૬૦૦ |
| તુવેર | ૩૦૦ | ૫૦૦ |
| વાલ | ૪૦૦ | ૮૦૦ |
| વટાણા | ૩૦૦ | ૬૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૫૦૦ |
| બટેટા | ૧૬૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૧૬ |
| કોથમીર પુરા | ૧૦ | ૧૫ |
| મૂળા પુરા | ૫ | ૬ |
| ફોદીનો પુરા | ૩ | ૬ |
| કાચા કેળા | ૩૦૦ | ૫૦૦ |
| ચ્રૂણ | ૮૦૦ | ૧૪૦૦ |
| ઘીસોડા | ૩૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૧૨૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૦ |
| બીટ પુરા | ૬ | ૧૫ |
| સરગવો પુરા | ૧૫ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૨૦ | ૯૦૦ |
| વાલોર | ૧૦૦ | ૫૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૩૦૦ |
| આદુ | ૫૦૦ | ૧૦૦૦ |
| મકાઈ ડોડા | ૨૨૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૧૫ | ૨૫ |

| | | |
|---|---|---|
| પાલક પુરા | ૨ | ૪ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૨૫ | ૧૫૩૫ |
| કપાસ મીડીયમ | ૧૨૫૦ | ૧૪૦૦ |
| મગફળી ૨૦ | ૯૯૪ | ૧૦૭૬ |
| ઘઉં | ૫૫૦ | ૬૫૦ |
| જીરૂ | ૩૭૩૦ | ૪૦૮૦ |
| તુવેર | ૧૨૫૧ | ૧૪૧૯ |
| ચણા | ૧૦૯૨ | ૧૧૧૮ |
| ધાણા | ૧૩૩૦ | ૧૬૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૪૯૩ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૬૧૪ |
| ઘઉં ટુકડા | ૫૮૦ | ૬૧૯ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| સોયાબીન | ૫૦૦ | ૭૪૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૩૦ |
| શીંગદાણા | ૧૦૫૦ | ૧૦૮૫ |
| મગફળી | ૭૫૧ | ૮૬૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| મેથી | ૯૦૦ | ૯૦૦ |
| તલસફેદ | ૧૨૦૦ | ૨૨૪૫ |
| બાજરો | ૪૯૪ | ૬૧૨ |
| જુવાર | ૪૪૨ | ૧૦૦૩ |
| **ધારી** | | |
| કપાસ | ૧૨૨૫ | ૧૪૨૦ |
| મગફળી | ૬૧૦ | ૧૦૦૨ |
| ઘઉં | ૪૯૫ | ૬૩૫ |
| ચણા | ૭૦૦ | ૧૧૧૧ |
| સફેદ તુવેર | ૧૩૫૫ | ૧૩૯૧ |
| મગ | ૧૪૪૦ | ૧૪૪૦ |
| તલ | ૧૬૦૦ | ૧૮૧૦ |
| સફેદચણા | ૧૦૧૫ | ૧૨૦૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૬૫ |
| મગફળી | ૯૫૮ | ૯૫૮ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| જુવાર પીળી | ૪૮૬ | ૪૮૬ |
| સોયાબીન | ૭૪૦ | ૭૪૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૩૭૦ |
| બાજરો | ૫૨૫ | ૫૨૫ |
| ઘઉં | ૫૪૫ | ૭૦૦ |

| | | |
|---|---|---|
| ધાણા | ૧૧૫૧ | ૧૧૫૧ |
| એરંડા | ૧૦૮૮ | ૧૦૮૮ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૯૬૦ | ૧૦૨૨ |
| શીંગ ૩૯ | ૯૭૦ | ૧૦૦૨ |
| શીંગ જી.૨૦ | ૯૮૦ | ૧૦૭૬ |
| જુવાર | ૫૦૧ | ૯૬૪ |
| બાજરી | ૪૨૫ | ૬૦૬ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૬૭૯ |
| મગ દેશી | ૧૨૧૧ | ૧૨૧૧ |
| સોયાબીન | ૬૮૪ | ૭૮૦ |
| ચણા | ૧૦૦૧ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૬૫૦ | ૧૯૫૦ |
| તલપુરબીયા | ૨૫૦૦ | ૨૫૬૦ |
| તુવેર | ૮૦૨ | ૧૪૩૭ |
| ડુંગળી લાલ | ૨૦૧ | ૫૫૫ |
| ડુંગળી સફેદ | ૨૨૬ | ૪૦૧ |
| કપાસ શંકર | ૧૧૧૨ | ૧૪૨૩ |
| નાળીયેર | ૧૦૨૫ | ૨૫૬૮ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૫૧ | ૧૦૪૪ |
| તલ પીળા | ૨૪૫૨ | ૨૫૬૧ |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૬૦ |
| બાજરો | ૫૨૦ | ૫૮૫ |
| ઘઉં ટુકડા | ૫૨૦ | ૭૦૧ |
| જુવાર | ૫૫૫ | ૯૩૬ |
| ચણા | ૧૦૮૩ | ૧૧૧૫ |
| સોયાબીન | ૭૨૬ | ૭૨૬ |
| તુવેર | ૧૨૧૨ | ૧૩૨૧ |
| અજમા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| અડદ | ૧૧૧૦ | ૧૩૩૬ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૫૧ |
| શીંગ મોટી | ૧૦૨૧ | ૧૦૫૫ |
| તલ સફેદ | ૧૮૫૦ | ૨૧૪૭ |
| તલ કાળા | --- | ૪૫૦૧ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૫૩૫ |
| કપાસ | ૧૩૨૦ | ૧૪૭૮ |
| ઘઉ લોકવન | ૫૨૦ | ૬૧૧ |
| ઘઉ ટુકડા | ૫૫૦ | ૬૪૦ |
| જુવાર | ૫૦૦ | ૮૫૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૪૬ |

| | | |
|---|---|---|
| તુવેર | ૧૨૫૦ | ૧૪૮૨ |
| સોયાબીન | ૭૦૦ | ૭૮૨ |
| ધાણા | ૧૧૨૦૦ | ૨૨૧૭ |
| તુવેર લાલ | ૧૦૦૦ | ૧૩૫૦ |
| દેશી ચણા | ૧૨૦૦ | ૧૫૩૨ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૦૧૦ | ૧૪૭૩ |
| **કોડીનાર** | | |
| મગફળી જી૨૦ | ૧૦૦૫ | ૧૦૮૫ |
| મગફળી ૩૨નં | ૯૩૪ | ૧૦૧૪ |
| બાજરી હાઈબ્રીડ | ૫૦૦ | ૬૨૮ |
| ઘઉં | ૫૧૧ | ૬૭૧ |
| તુવેર | ૧૧૮૦ | ૧૫૩૬ |
| જુવાર | ૫૮૦ | ૧૦૫૦ |
| સોયાબીન | ૭૨૫ | ૭૮૯ |
| કપાસ | ૧૧૬૦ | ૧૪૪૦ |
| ધાણા | ૧૦૫૦ | ૧૩૪૦ |
| રાઈ | ૧૦૦૦ | ૧૧૫૫ |
| કાંગ | ૫૦૦ | ૭૧૪ |
| સફેદતલ | ૧૭૦૦ | ૨૧૪૨ |
| જા.તલ | ૧૯૦૦ | ૨૬૩૦ |
| રાયડો | ૭૦૦ | ૯૯૬ |
| **જામનગર** | | |
| જુવાર | ૭૬૦ | ૮૪૫ |
| બાજરો | ૪૫૫ | ૫૧૦ |
| ઘઉં | ૫૫૦ | ૬૭૨ |
| મગ | ૧૨૦૦ | ૧૬૫૦ |
| અડદ | ૧૧૮૫ | ૧૫૨૫ |
| તુવેર | ૧૨૭૦ | ૧૪૫૫ |
| વાલ | ૧૦૦૦ | ૧૧૭૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૦૫ |
| મગફળીજીણી | ૮૦૦ | ૧૦૬૦ |
| મગફળીજાડી | ૮૦૦ | ૧૦૪૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૦૫ |
| રાયડો | ૯૫૦ | ૧૦૭૦ |
| રાઈ | ૧૧૦૦ | ૧૧૭૫ |
| લસણ | ૫૦૦ | ૧૦૯૫ |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૭૫ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૧૭૫ |
| અજમો | ૨૦૦૦ | ૪૧૮૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૨૦૫ |
| ડુંગળીસુકી | ૧૦૦ | ૫૬૫ |
| સોયાબીન | ૭૦૦ | ૯૬૦ |



લાગે તો તીર : - બેરાલાલ આવ્યા એટલે સૌએ તાળિયોથી વધાવ્યા

06

# અમેરિકા સામે ભારતે હાર્ડ બનવું પડે...............



PTI

મોદીની અમેરિકા યાત્રાથી ભારતને શું મળ્યું ?

કંઈ જ નહીં.

ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાના પ્રમુખપદનો કાર્યભાર સંભાળ્યો પછી ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પહેલી વાર અમેરિકાની યાત્રા પર ગયા હતા. ટ્રમ્પે તેમના ચૂંટણી પ્રચાર દરમિયાન ભારતની અમેરિકામાં નિકાસ પર જંગી ટેરિફ લાદવાની ધમકી આપી હતી પણ પ્રમુખ બન્યા પછી પહેલા ધડાકે ભારત પર ટેરિફ લાદવાનું ટાળ્યું હતું. તેના કારણે એવો આશાવાદ પેદા થયેલો કે, ડોનાલ્ડ ટ્રમ્પ પોતાના કહેવાતા પરમ મિત્ર નરેન્દ્ર મોદી સાથેની દોસ્તી નિભાવીને ભારતનાં આર્થિક હિતોને નુકસાન કરવાનું ટાળશે અને ચીન સહિતના દેશો સામે ઉગ્ર બનતા જતા આર્થિક સર્વોપરિતાના જંગમાં ભારતને પોતાના પડખે લેવા માટે પ્રયત્ન કરશે.

આ આશા બિલકુલ ફળી નથી.

ઉલટાનું ટ્રમ્પે અમેરિકામાં ભારતની નિકાસ પર ટેરિફ લાદવાનું એલાન કરી દીધું. ટ્રમ્પે જાહેર કર્યું છે કે, ભારત અમેરિકાના માલ પર જેટલો ટેરિફ લાદશે એટલો જ ટેરિફ અમેરિકા ભારતના માલ પર લાદશે. ટ્રમ્પની આ જાહેરાત ભારતની નિકાસને મોટો ફટકો મારનારી સાબિત થશે કેમ કે ભારતના માલ પર વધારાના ટેરિફના કારણે અમેરિકામાં ભારતના માલની પડતર કિંમત ઉંચી થઈ જાય. ચીન સહિતના દેશો અમેરિકામાં સસ્તો માલ ઠાલવે છે. અમેરિકાએ તેમના પર પણ ટેરિફ લાદ્યા છે પણ ભારતના માલ પર પણ ટેરિફ લદાતાં ભારતનો માલ મોંઘો થઈ જાય અને તેનું કોઈ લેવાલ ના રહે.

ટ્રમ્પે અમેરિકાને ફાયદો થાય એવાં બીજા પણ કેટલાક નિર્ણયો લેવાની મોદીને ફરજ પાડી છે. અમેરિકા ભારત પાસેથી વધારે પ્રમાણમાં ક્રુડ-ગેસ ખરીદીને વેપાર ખાધ ઘટાડે અને ભારતને એફ-૩૫ ફાઈટર જેટ સહિતનો ડિફેન્સનો માલ આપે એવા કરાર કરવામાં પણ ટ્રમ્પ સફળ રહ્યા છે. બદલામાં ટ્રમ્પે ભારતને કોઈ રાહત આપી નથી એ જોતાં અમેરિકાની મોદીની મુલાકાત ભારતના ફાયદામાં નથી જ.

■■■

ભારત ટ્રમ્પને ખુશ કરી શકે તેમ નથી.

ટ્રમ્પ અમેરિકાથી ભારતમાં આવતા માલ પર સાવ સામાન્ય ડ્યુટી લગાવાય એવું ઈચ્છે છે. ટ્રમ્પ ભારતમાં લેવલ પ્લેઈંગ ફિલ્ડ ઈચ્છે છે ને તેના ભાગરૂપે ટ્રમ્પને અમેરિકાના માલ પર ભારતમાં માત્ર ૫ ટકા ડ્યુટી જોઈએ છે. બીજા વિશ્વયુધ્ધમાં હારી ગયેલા જાપાન, દક્ષિણ કોરિયા સહિતના દેશો અમેરિકાના તાબેદાર થઈને રહ્યા છે. જાપાન અને તાઈવાન સહિતના દેશો ચીન સાથેની દુશ્મનાવટના કારણે પણ અમેરિકા પર નિર્ભર છે તેથી અમેરિકાનાં આર્થિક હિતો સાચવ્યા વિના છૂટકો નથી. બીજા વિશ્વયુદ્ધમાં યુરોપના દેશો પણ અમેરિકાના સાથી હતા તેથી જાપાન, દક્ષિણ કોરિયા વગેરે અમેરિકા અને યુરોપીયન યુનિયનથી આવતા માલ પર ૩ ટકાથી ૫ ટકા કસ્ટમ્સ ડ્યુટી લગાવે છે.

ટ્રમ્પ ઈચ્છે છે કે, ભારતમાં પણ અમેરિકાથી આવતા માલ પર ૩ થી ૫ ટકા ડ્યુટી લગાવાય પણ ભારત માટે એ શક્ય નથી. ભારતે પોતાની કંપનીઓના હિત સાચવવાના છે અને સરકારને બીજા ખર્ચા માટે આવક પણ જોઈએ. ભારત માટે વિદેશથી આવતા માલ પર લગાવાતી ડ્યુટીની જંગી આવક છે તેથી ભારત પાંચેક ટકા જેટલી ઓછી ડ્યુટી લગાવીને આવક ના ગુમાવી શકે.



**બ્રેકિંગ પોઈન્ટ**

**નેહા શર્મા**

ભારત ટ્રમ્પને રાજી કરવા એવું કરવા જાય તો ભારતની કંપનીઓ બંધ થઈ જાય અને ઈસ્ટ ઈન્ડિયા કંપનીના ગુલામ થઈ ગયેલા એ રીતે અમેરિકાના ગુલામ થઈ જઈએ. ભારત અમેરિકાના માલ પર ૩ થી ૫ ટકા ડ્યુટી લગાવે તો અમેરિકાનો થોકબંધ માલ ભારતમાં ઠલવાવા માંડે અને આપણી કંપનીઓને તાળાં મારવા પડે. ભારતમાં મેન્યુફેક્ચરિંગ પર નભતા કરોડો લોકો બેરોજગાર થઈ જાય ને અર્થતંત્ર સાવ પડી ભાંગે.

ટ્રમ્પને રાજી રાખવા એ રીતે પણ શક્ય નથી કે ટ્રમ્પ જૂઠાણાં ચલાવે છે.

ભારત અમેરિકાના માલ પર ૧૦૦ ટકા ટેક્સ લગાવે છે એવો આક્ષેપ ટ્રમ્પ કરે છે પણ આ આક્ષેપ સાવ ખોટો છે. દુનિયાના બધા વિકાસશીલ દેશો બીજા દેશોમાંથી આવતા માલ પર ૧૫ ટકાની આસપાસ ઈમ્પોર્ટ ડ્યુટી લગાવે છે. ભારતમાં સરેરાશ ઈમ્પોર્ટ ડ્યુટી ૧૭ ટકા છે એ જોતાં માત્ર બે ટકા ડ્યુટી વધારે છે. બ્રાઝિલમાં વિદેશી માલ પર સરેરાશ ડ્યુટી ૧૩ ટકા અને દક્ષિણ કોરિયામાં ૧૩.૪૦ ટકા છે. દુનિયાભરના દેશો પોતાના ઉદ્યોગોને રક્ષણ આપવા માટે વિદેશી માલ પર ઈમ્પોર્ટ ડ્યુટી લગાવે છે અને ભારત પણ એ જ કરે છે તેથી ભારત કશું ખોટું કરતું નથી.

■■■

ટ્રમ્પ ભૂતકાળમાં પણ ભારતને નડ્યા છે.

૨૦૧૭માં ટ્રમ્પ પહેલી વાર પ્રમુખ બન્યા ત્યારે ટ્રમ્પે ભારતના હિતોને વ્યાપક નુકસાન પહોંચાડ્યું હતું. અમેરિકામાં વરસોથી વિકાસશીલ દેશોને આર્થિક મદદ કરવા જનરલાઈઝ્ડ પ્રેફરેન્શિયલ સિસ્ટમ (જીપીએસ) અમલી છે. જીપીએસ હેઠળ વિકાસશીલ દેશોના ઉત્પાદનો પર અમેરિકામાં કોઈ ટેક્સ લાગતો નથી.

ભારતે વિકાસશીલ દેશ તરીકે વરસો સુધી જીપીએસનો લાભ લઈને અમેરિકામાં કરોડોની નિકાસ કરી હતી. ૨૦૧૮માં ડોનાલ્ડ ટ્રમ્પે ભારતને જીપીએસમાંથી બહાર કાઢી દેતાં ભારતને નિકાસમાં ૫૬૦ કરોડનો ફટકો પડી ગયો હતો. ટ્રમ્પે એચવન-બી વિઝા માટેના નિયમો પણ બદલી નાખ્યા હતા. ભારત માટે આઈટી કંપનીઓને અમેરિકામાંથી મળતા કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સિંગ બહુ મહત્વના છે. ભારતને તેના કારણે વિદેશી હૂંડિયામણ પણ મળે છે અને મોટા પ્રમાણમાં રોજગારી પણ મળે છે. ટ્રમ્પે એચવન-બી વિઝાના નિયમો બદલીને ભારતીય આઈટી કંપનીઓને મોટો ફટકો મારી દીધો હતો.

કમનસીબે ટ્રમ્પની ભારતવિરોધી નીતિ છતાં મોદી ટ્રમ્પની આગળપાછળ જ ફરતા રહ્યા ને ટ્રમ્પને પોતાના ખાસ મિત્ર ગણાવતા રહ્યા. મોદીએ ૨૦૨૦માં ટ્રમ્પને ફરી જીતાડવા માટે અમેરિકામાં હાઉડી મોદી ને અમદાવાદમાં નમસ્તે ટ્રમ્પ એવા બે મોટા કાર્યક્રમો પણ કરેલા. એ વખતે ટ્રમ્પ જીતી ના શક્યા પણ મોદીએ તેમને જીતાડવા મહેનત કરેલી એ વાત ભૂલી ગયા. ટ્રમ્પે આ વખતની ચૂંટણીના પ્રચારમાં ભારતને ગાળો દેવામાં કોઈ કસર છોડી નહોતી અને હવે પ્રમુખ બન્યા પછી ભારતને ભીંસમાં મૂકવામાં કોઈ કસર નથી છોડી રહ્યા.

■■■

ટ્રમ્પ ખોટા છે ?

બિલકુલ નહીં.

ટ્રમ્પ જે કંઈ કરી રહ્યા છે એ અમેરિકાના હિતમાં કરી રહ્યા છે ને ભારતે આ વાત સમજીને ભારત માટે શું મહત્વનું છે, ભારતનું હિત શેમાં છે એ વિચારવું જોઈએ. ટ્રમ્પનું સપનું અમેરિકાને ફરી દુનિયાનો સૌથી તાકાતવર દેશ બનાવવાનું છે તેથી ટ્રમ્પે મેઈક અમેરિકા ગ્રેટ અગેઈન (MAGA) સૂત્ર આપ્યું છે. અમેરિકા યાત્રા દરમિયાન મોદીએ તેની કોપી કરીને મેઈક ઈન્ડિયા ગ્રેટ અગેઈન (MIGA) સૂત્ર આપી દીધું. મોદીએ દાવો કર્યો કે, (MAGA) અને (MIGA) ભેગા મળીને MEGA સર્જશે. મતલબ કે, બંને દેશો સાથે મળીને જબરદસ્ત વિકાસ કરી શકશે.

આ પ્રકારના સૂત્રો ને વાતો તાળીઓ પાડવા માટે બરાબર છે પણ વાસ્તવિક રીતે એ શક્ય નથી બનવાનું કેમ કે અમેરિકા અને ભારત બંનેના હિતો જળવાય એ રીતે કામ કરી શકે તેમ નથી. બલ્કે અમેરિકાને ફરી મહાન બનાવવાના સપના આડે જે દેશો આવી રહ્યા છે તેમાં ભારત પણ એક છે.

અત્યારે અમેરિકાની સર્વોપરિતા સામે વૈશ્વિક સ્તરે બહુ બધા પડકારો છે. અમેરિકા સામે ઈરાન, ઉત્તર કોરિયા સહિતના ઘણા દેશો બાંયો ચડાવી રહ્યા છે. અમેરિકાને તેમની પરવા નથી કેમ કે લશ્કરી રીતે આ દેશોની અમેરિકા સામે કોઈ હૈસિયત નથી. બીજું એ કે, અમેરિકાનો અસલી પાવર તેની આર્થિક તાકાત છે અને આ દેશો અમેરિકાને આર્થિક તાકાતના મામલે દૂર દૂર સુધી પણ પડકારી શકે તેમ નથી.

અમેરિકાની દુનિયા પર દાદાગીરી મની પાવરના જોરે છે. બીજા વિશ્વયુધ્ધથી દુનિયા પર અમેરિકાનો પ્રભાવ દુનિયા પર વધ્યો અને છેલ્લા આઠ દાયકાથી અમેરિકા દુનિયામાં સર્વોપરિતા ભોગવે છે. અમેરિકા સામે અત્યાર સુધી કોઈ પડકાર નહોતો અને અમેરિકાના ડોલર સામે દુનિયાના બધાં ચલણ પાણી ભરતાં.

અમેરિકાનો ડોલર આજે પણ દુનિયામાં સૌથી તાકાતવર મનાય પણ છેલ્લાં કેટલાંક વરસોમાં તેની સામે પડકાર ઉભો થયો છે. રશિયા અને ચીન ધરી બનાવીને ડોલરને સમાંતર વૈશ્વિક ચલણ ઉભું કરવા મથી રહ્યા છે. આ મથામણમાં સૌથી મહત્વનું કદમ બ્રિક્સ છે.

બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને સાઉથ આફ્રિકા એ પાંચ દેશોના બનેલા સંગઠન 'બ્રિક્સ'ને કારણે અમેરિકાની આર્થિક સર્વોપરિતા સામે સૌથી મોટો પડકાર છે. ભારત બ્રિક્સમાં મહત્વનો સાથી દેશ હોવાથી અમેરિકાની સર્વોપરિતાને પડકારવામાં ભારતનું યોગદાન પણ છે તેથી ટ્રમ્પ ભારતને દબાવવા મથે છે.

અલબત્ત ભારત સોફ્ટ ટાર્ગેટ છે એ વાસ્તવિકતા છે અને તેનાથી બચવા ભારતે હાર્ડ બનવું પડે. અમેરિકા પરની નિર્ભરતા ઘટાડવી પડે.

■ sanjogpurti@gmail.com

# બનાના : કોઇ બનાવટ નહી



અંગ્રેજીમાં એને બનાના કહેવામાં આવે છે. પહેલા મને એવું લાગતું કે બનાના એટલે બનાવટ કરવી. પણ કેળામાં નામ સિવાય બીજી કોઈ બનાવટ નથી અને હિન્દી શબ્દ બનાના એને લાગુ પડતો નથી.

કેળા વૈશ્વિક સ્તરે સૌથી વધુ પ્રમાણમાં વપરાશમાં લેવાયેલ ફળ છે, જે ૧૩૦ થી વધુ દેશોમાં ઉગાડવામાં આવે છે. દક્ષિણપૂર્વ એશિયાના વતની, કેળા એક સમૃદ્ધ ઈતિહાસ અને સાંસ્કૃતિક મહત્વ સાથે, ૧ લાખ વર્ષથી વધુ સમયથી ઉગાડવામાં આવે છે.

**ધીસ ઇઝ ઘેટ**

**નારન બારૈયા**

કેળા પોટેશિયમ, વિટામિન સી અને બી ૬ અને આહાર ફાઈબર સહિતના આવશ્યક પોષક તત્વોનો ઉત્તમ સ્રોત છે. તેમાં કેલરી ઓછી છે અને એન્ટીઓકિસડન્ટોમાં સમૃદ્ધ છે, જે તેને તંદુરસ્ત નાસ્તાનો વિકલ્પ બનાવે છે. કેળામાં પોટેશિયમની સામગ્રી તંદુરસ્ત બ્લડ પ્રેશર જાળવવામાં મદદ કરે છે, હાડકાના સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપે છે અને સ્નાયુઓના કાર્યને ટેકો આપે છે.

કેળાની ઘણી જાતો છે, જેમાં પ્રત્યેકની અલગ લાક્ષણિકતા અને સ્વાદ છે. સૌથી સામાન્ય રીતે વપરાશમાં લેવામાં આવતી વિવિધતા એ કેવેન્ડિશ કેળા છે, જે વૈશ્વિક ઉત્પાદનના ૪૫% જેટલો હિસ્સો ધરાવે છે. અન્ય લોકપ્રિય જાતોમાં ગ્રોસ મિશેલ, લેડી ફિંગર અને પ્લાન્ટાઈન કેળા સામેલ છે.

કેળા વિવિધ સમાજમાં નોંધપાત્ર સાંસ્કૃતિક અને પ્રતીકાત્મક અર્થ ધરાવે છે. ઘણી એશિયન સંસ્કૃતિઓમાં, કેળા સમૃદ્ધિ, સારા નસીબ અને ફળદ્રુપતાનું પ્રતીક માનવામાં આવે છે. કેટલીક આફ્રિકન સંસ્કૃતિઓમાં, કેળા પરંપરાગત સમારોહ અને ધાર્મિક વિધિઓમાં વપરાય છે.

કેળા ઘણા દેશો માટે ખાસ કરીને મધ્ય અને દક્ષિણ અમેરિકા, કેરેબિયન અને દક્ષિણપૂર્વ એશિયામાં આવકનો નોંધપાત્ર સ્રોત છે. વૈશ્વિક કેળા ઉદ્યોગની કિંમત અબજો ડોલર છે, જે લાખો લોકો માટે રોજગારની તકો પૂરી પાડે છે.

કેળાના ઉદ્યોગને આબોહવા પરિવર્તન, રોગ અને જીવાતોની અસર સહિતના ઘણા પડકારોનો સામનો કરવો પડે છે. પનામા રોગ, એક ફંગલ ચેપ વગેરે કેળાના વાવેતરને બરબાદ કરી દે છે. જો કે, સંશોધનકારો રોગ-પ્રતિરોધક જાતો વિકસાવવા માટે કામ કરી રહ્યા છે, અને કેળાના ઉત્પાદનના પર્યાવરણીય પ્રભાવને ઘટાડવા માટે ટકાઉ ખેતી પદ્ધતિઓ અપનાવવામાં આવી રહી છે.

કેળા એક પૌષ્ટિક, બહુમુખી અને સાંસ્કૃતિક રીતે નોંધપાત્ર ફળ છે જે વૈશ્વિક ખાદ્ય પ્રણાલીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જેમ કે કેળાની માંગ વધતી જાય છે, આ પ્રિય ફળની લાંબા ગાળાની ઉપલબ્ધતાને સુનિશ્ચિત કરવા માટે પડકારોનો સામનો કરવો અને ટકાઉ ઉત્પાદન પદ્ધતિઓને પ્રોત્સાહન આપવું જરૂરી છે. ઉલ્લેખનીય છે કે કેળનું વૃક્ષ ભગવાન વિષ્ણુને અતિપ્રિય છે અને ભારતભરમાં અને વિદેશમાં પણ સત્યનારાયણની કથા વખતે કેળના પાનની નીચે ભગવાન વિષ્ણુનું સ્થાપન થાય છે.

■ naranbaraiya277@gmail.com

# બોર્ડ પરીક્ષાનું મૂલ્યાંકન કરતી વખતે કઇ બાબતો ધ્યાને રાખવી...




૨૭ ફેબ્રુઆરીના રોજ ધોરણ ૧૦ અને ૧૨ ની જાહેર બોર્ડ પરીક્ષા શરૂ થઈ રહી છે. બોર્ડ દ્વારા અદ્યતન માઈક્રો પ્લાનિંગથી પરીક્ષા લેવાય છે. પરીક્ષા પૂર્ણ થઈ ગયા પછીનો પડાવ મૂલ્યાંકન આવે છે.

બોર્ડના સંયુક્ત નિયામક (પરીક્ષા) દિનેશભાઈ પટેલ સાહેબ તેમજ એસ.એસ.સી પરીક્ષાના નિયામક જે.કે. પટેલ તેમજ પુલકિતભાઈ જોશી મદદનીશ સચિવ દ્વારા અસરકારક અને વિદ્યાર્થીને નુકસાન ન થાય તે માટે કમાન્ડ એન્ડ કંટ્રોલરૂમ સેન્ટરમાં રાજ્યના તમામ વિષયના, જિલ્લા પ્રમાણે બોર્ડ પરીક્ષાનું મૂલ્યાંકન કરતા કોઓર્ડીનેટરો, સમીક્ષકો અને પરીક્ષકોને રૂબરૂ બોલાવી પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા મૂલ્યાંકન કરવામાં કઈ કઈ બાબતો ધ્યાને રાખવી તેનો રોડ મેપ શિક્ષક મિત્રોને સમજાવવામાં આવ્યો હતો.

મૂલ્યાંકન થકી જ પરિણામ તૈયાર થાય છે. જે પણ શિક્ષકો મૂલ્યાંકન કરે છે તે પ્રક્રિયાને સુગમ, પારદર્શક, આયોજનબદ્ધ અને લવચીક બનાવવા માટે બોર્ડ દ્વારા ચાલુ વર્ષે ગુણ પ્રદાન યોજના તૈયાર કરવામાં આવી છે. સમગ્ર રાજ્યના જિલ્લાઓમાં મૂલ્યાંકન કેન્દ્રોમાં એકસરખું મૂલ્યાંકન થાય તે માટેનું આયોજન, મૂલ્યાંકનની પ્રક્રિયામાં સમગ્રતયા, સાતત્ય જળવાય, ઝડપી અને સુચારુ કાર્ય શિક્ષકો દ્વારા થાય, ઉત્તરવહીઓના મૂલ્યાંકનના સમય આત્મલક્ષીપણું દૂર થાય, વિદ્યાર્થીએ પરીક્ષામાં જે લખવાનો પ્રયત્ન કર્યો છે તેને પૂર્ણ ન્યાય અને ગુણ મળે તેમ જ અંડર, ઓવર અને ખોટુ મૂલ્યાંકન ન થાય તેમજ તટસ્થ રહી વિદ્યાર્થીએ પોતાની શૈલીમાં અથવા તો ભાષામાં અથવા તો બીજી કોઈપણ રીતથી લેખનકાર્ય કર્યું હોય અને તેનો ભાવાર્થ જવાબને અનુરૂપ હોય તો તેને જવાબના ગુણ પ્રદાન યોજના અંતર્ગત માર્ક આપવાના રહેશે.



**સામાજિક અને શૈક્ષણિક**

**વિપુલ.ડી. પટેલ**
**(રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ)**

બોર્ડ મૂલ્યાંકન શરૂ થાય તે સમયગાળા દરમિયાન બોર્ડ દ્વારા નમૂનાની આન્સર કી આપવામાં આવે છે. ઘણી વખતે પરીક્ષકો અને સમીક્ષકો નમૂનાની આન્સર કી ને વળગી રહે છે તે ખોટું છે. તેનો હેતુ જવાબને અનુરૂપ હોય તો વિદ્યાર્થીને ગુણ આપવા જોઈએ. વિદ્યાર્થી તો આપણા અન્નદાતા છે. તેમના થકી આજે ભૌતિક સગવડોમાં વૃદ્ધિ થઈ છે. ડિગ્રીઓથી પગાર નથી મળતો. વિદ્યાર્થીઓ છે એટલે ગામ અને શહેરમાં માનવાચક સાહેબના ઉદ્‌બોધનથી બોલાવવામાં આવે છે. મૂલ્યાંકનના સમયગાળા દરમિયાન બિનજરૂરી ઘરે જવાની ઉતાવળ કરવી જોઈએ નહીં. પેલી ટીમે પહેલી જોઈ લીધી હું પણ જલ્દી જોઈ લઉં. આવા સ્પર્ધાત્મક વાતાવરણથી વિદ્યાર્થીનું જીવન રોળાઈ જાય છે.

શિક્ષકો માટે મૂલ્યાંકન એ તો અવસર છે. શિક્ષક વિદ્યાર્થીને શું આપી શકે? ઘણી વખતે કમ્પ્લીટ વિષયવસ્તુને અનુરૂપ લખ્યું હોય તેમ છતાંય કેટલાક કંજૂસ બનીને વિદ્યાર્થીને ઓછા ગુણ પ્રદાન કરે છે. આ તો એકદમ દુ:ખદ છે. વર્ષ દરમિયાન ટાઢ, તડકો કે મજૂરી કરીને ભણ્યો હોય અને ઉત્તમ લેખન કર્યું હોય ત્યારે તમે તમારી લાલ કાતર ફેરવી દો એ કેટલા અંશે યોગ્ય છે? આપણને પૂર્ણ સમય મૂલ્યાંકન કરવા સમય મળે છે ત્યારે કાળજી રાખવી અનિવાર્ય છે. તમે ગાડી ચલાવતા કેવી કાળજી રાખો છો ? પરીક્ષણ કાર્ય કરતી વખતે ખૂબ કાળજી રાખવી જોઈએ. બાળકના હિતાર્થે નિર્ણય લેવો જોઈએ. કેટલાક મહાપુરુષો વિદ્યાર્થીને ઓછા ગુણ આપવામાં આનંદ વ્યક્ત કરતા હોય છે. તમારી એક ભૂલ સેલ્ફ ફાઈનાન્સ કોલેજમાં અથવા તો અન્ય જગ્યાએ પ્રવેશ લેવા માટે મજબૂર બનાવે છે. આપણી એક ભૂલ વિદ્યાર્થીને મેરીટમાં આવતા અટકાવે છે. આ પ્રસંગે ખૂબ કાળજી રાખી વ્યવસ્થિત મૂલ્યાંકન કરવા માટે કટિબદ્ધ બનીએ. વિદ્યા વિનયથી શોભે છે. શિક્ષક મૂલ્યાંકનના સમયે પોતાનો વિવેક અને વિનય બંને કેળવે તો રાજ્યનું પરિણામ સારું આવે. બાળકની સ્થગિતતા ક્યાંથી આવી તે મને ખબર પડતી નથી ? મૂલ્યાંકનના પ્રસંગે દરેક શિક્ષકના હૃદયમાં ઝવેરચંદ મેઘાણીની રચના "ઓ રાજ મને લાગ્યો કસુંબીનો રંગ" તેની જગ્યાએ હો રાજ મને લાગ્યો પૂર્ણ માર્ક આપવાનો રંગ.. આવી ભાવના નિર્માણ કરવી પડશે.

વિદ્યાર્થીએ પોતાની પ્રાદેશિક ભાષામાં તેમજ ગાંધીજી જેવા અક્ષરે લખ્યું હોય અને આપણે આપણી બેદરકારીથી વાંચી ના શકતા હોઈએ પરંતુ તેનું લખાણ સાચું હોય તો તેને સંપૂર્ણ ગુણ આપવાની જવાબદારી બોર્ડની છે કે આપણી છે ? બોર્ડનું કાર્ય એકેડેમી છે, પરીક્ષા લેવી તે તેનું કાર્ય છે. મૂલ્યાંકન તો રાજ્યના શિક્ષકો કરે છે. પરિણામ ઓછું આવે તો બોર્ડ કઈ રીતે જવાબદાર ગણી શકાય ? પેપર આપણે કાઢીએ, પેપર ચેક આપણે કરીએ, તો રિઝલ્ટ ઓછું આવે તો જવાબદાર આપણે ગણાઈએ ને? ધોરણ ૧૦ અને ૧૨ ના કુમળા બાળકો સાથે આત્મીયતા સભર સ્નેહબંધુભાવ બાંધી પરીક્ષણ કાર્ય કરતી વખતે પોતાની જાતને વિદ્યાર્થી બનીને જોવાની જરૂર છે. તમે પેપર જોતી વખતે એવું ફીલ ના કરી શકો કે હું આવું લખતો હતો.

મૂલ્યાંકન વખતે સિક્વન્સમાં માર્ક આપીએ. ટોટલ બરોબર કરીએ. કોઈ વિભાગ જોવાનો ન રહી જાય. સાચું લખ્યું હોય તો પૂર્ણ માર્ક આપીએ. ટોટલમાં તો તકેદારી રાખીએ. બોર્ડ દ્વારા જે ભૂલ બતાવી છે તે ભૂલ કરનારા ૧૦% થી ઓછા શિક્ષકો છે. તેમને જાગૃત બનવાની જરૂર છે. સેલ્ફ ફાઈનાન્સના શિક્ષકો પણ શિક્ષકો છે. તેમના હૃદયમાં પણ વિદ્યાર્થી માટેની અનન્ય ભાવના હોવી જોઈએ. તમારે ત્યાં તેજસ્વી વિદ્યાર્થી આવે છે. પરંતુ આખા રાજ્યમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ ગામડાના હોય છે. પોતાની સમજશક્તિ અને ક્ષમતા આધારિત તેઓ લેખન કરે છે. ઊંચું જોવામાં નીચેનું રહી ન જાય તેની તકેદારી રાખીએ.

મૂલ્યાંકન દરમિયાન બોર્ડ દ્વારા ગુણ પ્રદાન યોજનાની સામાન્ય સૂચનાઓ દરેક શિક્ષકોએ ભગવત ગીતા સમજીને ત્રણ ચાર વખત વાંચવી જોઈએ. બોર્ડ દ્વારા જે તૈયાર થઈ છે ખૂબ મહેનત બાદ થઈ છે. બોર્ડના અધિકારીઓ વિદ્યાર્થીઓના તેમજ શિક્ષકોના હિતાર્થે માર્ગદર્શિકા તેમજ ગુણ પ્રદાન યોજનાનો વીડિયો ક્યુ.આર. કોડથી મુક્યો છે. તેનો પ્રચાર પસાર કરીએ. પરીક્ષાના સુપરવિઝનમાં પણ વિદ્યાર્થીઓને ઘર જેવું વાતાવરણ વર્ગમાં લાગે તેવો વ્યવહાર કરીએ.

બાળકો સાથેનું સૌજન્યશીલ ભર્યું આચરણ એ સૌથી મોટી સેવા છે. બોર્ડ પરીક્ષામાં આપ સૌના સહયોગથી મૂલ્યાંકન પ્રક્રિયા વ્યાપક અને ભૂલ રહિત બને તેવા ધનિષ્ઠ પ્રયાસો કરવાની અનિવાર્યતા છે. બાળકો છે તો જ આપણે છીએ. આ વાત દરેક શિક્ષકના હૃદયમાં કંડારેલી હોવી જોઈએ. બાળ દેવો ભવ:

■ Mo.9825702282

# ભોજન શેમાં કેવી રીતે બનાવવું અને કેવી રીતે જમવું તે અંગેની સામાન્ય સમજ



**વૈવિધ્ય**



ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

સૂર્યની ગરમી, છાણા (ગાયના છાણા), લાકડા, કોલસા, ગેસ, વીજળી, કેરોસીન, માઈક્રોવેવ.

આ પૈકી પ્રથમ ચાર શ્રેષ્ઠતાની દ્રષ્ટિએ એક એકથી ઉતરતા ગણાય પણ કોઈ રીતે હાનિકારક નથી.

પછીના ચાર પદાર્થની ગુણવત્તાની દ્રષ્ટિએ અને પરિણામે સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. છાણ, લાકડા, કોલસા અને સૂર્યકુકરમાં રાંધેલા અન્નની સુપાચ્યતા અને સ્વાદ બંને ઉત્તમ હોય છે એવો સ્વાદ બીજી કોઈપણ રીતે આવતો નથી. આશ્ચર્યની અને દુઃખની બાબત એ ગણાય કે જે સૌથી વધુ હાનિકારક છે એનું આકર્ષણ આપણને સૌથી વધુ હોય છે એમાં જ આપણને સગવડ લાગે છે દાખલા તરીકે માઈક્રોવેવ. માઈક્રોવેવના કિરણો સ્વાસ્થ્ય માટે અતિશય હાનિકારક છે. કેન્સર જેવા રોગોને નિમંત્રણ આપે છે છતાં ડોક્ટરોના ઘરમાં પણ એનો ઉપયોગ થતો જોવા મળે છે. આપણે આપણી જીવનશૈલી એવી બનાવી દીધી છે કે જે સૌથી વધુ ગુણકારી છે એ આપણે માટે સહેલાઈથી મળે એમ પણ નથી અને મળતું હોય તો એ વાપરવામાં આપણને ઘણી બધી અગવડ અને માથાકૂટ લાગે છે. દાખલા તરીકે છાણા આપણા માટે સુલભ નથી. લાકડા કે કોલસા આપણને અગવડભર્યા લાગે છે અને સૂર્યકુકરની ઝંઝટ આપણને ગમતી નથી આ તો આપણે જાતે જ ઊભી કરેલી મુશ્કેલીઓ છે. એમાં આપણું અજ્ઞાન અને અણસમજ કારણભૂત છે. સારું હોય એ ગમતું પણ હોય એ ટેવનો અને સંસ્કારનો વિષય છે.

ભોજન સાત્વિક હોવું જોઈએ એટલે શું ?

સત્વગુણ યુક્ત હોય, સત્વ ગુણ વધારે હોય એવા ભોજનને સાત્વિક ભોજન કહેવાય. સાત્વિક લોકોને પ્રિય હોય એવા ભોજનને સાત્વિક ભોજન કહેવાય, જે ભોજન કરવાથી મન પ્રસન્ન બને, શાંત બને, વિકારો ઓછા થાય, સારી બાબતો કરવાની ઈચ્છા થાય, કામ ક્રોધ લોભ મોહ, મદ મત્સર ઓછા થાય, સત્સંગ કરવાની, જ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છા થાય, સજ્જન બનવાની ઈચ્છા થાય એવા ભોજનને સાત્વિક ભોજન કહેવાય જેનાથી શારીરિક માનસિક સ્વાસ્થ્ય સારું રહે, હૃદયને બળ મળે અને આયુષ્ય વધે એવા ભોજનને સાત્વિક ભોજન કહેવાય.

સારા માણસોએ સારી ભાવનાથી બનાવેલું ભોજન સાત્વિક હોય, શુદ્ધ અને પ્રામાણિક કમાણીમાંથી પ્રાપ્ત કરેલી સામગ્રીમાંથી બનાવેલું ભોજન સાત્વિક કહેવાય. સ્થાન, વસ્ત્ર, શારીરિક, માનસિક સ્થિતિ વગેરેની પવિત્રતા જાળવીને બનાવેલું ભોજન સાત્વિક હોય. ભૂખ્યાને આપ્યા પછી ભગવાનને ધરાવ્યા પછી પ્રસાદ રૂપે ગ્રહણ કરાતું ભોજન સાત્વિક હોય છે.

અન્નને દેવતા માનવાનો ભાવ ભોજનને સાત્વિક બનાવે છે.

સાત્વિક અને પૌષ્ટિક ભોજનમાં શું ફેર ?

સાત્વિક ભોજન વિશે આગળ વિવરણ આવી ગયું. પૌષ્ટિક એટલે શરીરને પોષણ આપે એવું એટલે કે શરીરને ખડતલ અને હૃદય પુષ્ટ બનાવે, તાકાત વધારે એવા ભોજનને પૌષ્ટિક ભોજન કહેવાય. પૌષ્ટિક ભોજન સાત્વિક ન હોય એમ પણ બની શકે, દાખલા તરીકે કાંદા, લસણ, રીંગણ, તેલ, મરચું વગેરે પૌષ્ટિક તો છે પરંતુ સાત્વિક નથી જ્યારે ઘી, દૂધ, શીરો, લાડુ વગેરે સાત્વિક પણ છે અને પૌષ્ટિક પણ છે. બજારનું ભોજન પૌષ્ટિક હોઈ શકે છે જ્યારે ઘરનું ભોજન પૌષ્ટિક અને સાત્વિક બંને હોય છે. અપવિત્ર વાતાવરણમાં બનાવેલું અને આરોગેલું ભોજન પૌષ્ટિક તો હોઈ શકે, તેનાથી શરીર મજબૂત બને પણ સંસ્કાર સારા ન થાય, મનોવૃત્તિ સારી ન બને.

એલ્યુમિનિયમના વાસણોમાં રસોઈ કેમ ન કરાય ?

એલ્યુમિનિયમ શરીર ઉપર ઝેર જેવી અસર કરે છે, વળી તે પદાર્થો સાથે બહુ સહેલાઈથી ભળે છે. એલ્યુમિનિયમની ડોલમાં રાત્રે પાણી ભરી રાખીએ તો સવારે છારી બાઝેલી દેખાય છે એનો અર્થ એ કે પાણીમાં રહેલા ક્ષાર અને એલ્યુમિનિયમની આંતરક્રિયા માત્ર પડી રહેવાથી પણ થાય છે. ભોજન બનાવતી વખતે ગરમી, ખાટા- ખારા મસાલા, તેલ, પદાર્થમાં રહેલા ક્ષાર વગેરેની સાથે એલ્યુમિનિયમના પાત્રની આંતરક્રિયા વધારે તીવ્રતાથી થાય છે. એલ્યુમિનિયમ પદાર્થો સાથે ભળીને શરીરમાં જાય તો અનેક પ્રકારના ગંભીર રોગોનું કારણ બને છે. તેથી રસોડામાં ખરેખર તો એલ્યુમિનિયમના પ્રવેશ ઉપર જ પ્રતિબંધ હોવો જોઈએ.

જમવા માટે કયા વાસણો સારા ગણાય ?

જમવા માટે શ્રેષ્ઠતાનો ક્રમ આ પ્રમાણે છે- સોનું, ચાંદી, પાંદડા, કાંસુ, કલાઈ કરેલું પિત્તળ, માટી, કાચ, કાગળ, એલ્યુમિનિયમ, પ્લાસ્ટિક. આ પૈકી અંતિમ બે નિષિદ્ધ ગણાય એટલા નુકસાનકારક છે. માટી અને કાચ તટસ્થ ગણાય, કલાઈ કરેલા પિત્તળના અને કાંસાના મધ્યમ ગણાય અને પાંદડા, ચાંદી અને સોનું ઉત્તમ ગણાય.

રસોઈને ગરમ રાખવા માટે થર્મોવેરનો ઉપયોગ કરાય કે ન કરાય ?

થર્મોવેરનો ઉપયોગ ન કરાય. પહેલું કારણ તો સ્વાસ્થ્યનું છે. અંદર જે ધાતુનો ઢોળ ચઢાવેલો હોય છે તે સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. વળી કૃત્રિમ રીતે ગરમ રાખેલી વસ્તુ સમય જતા તાજી તો ન જ ગણાય. રસોઈ ગરમ હોય એ કરતા તાજી હોય એ વધુ જરૂરી છે. ગરમ રહે પણ તાજી ન રહે તો એનાથી થતું નુકસાન તો થાય જ છે. હા, ગરમ હોવાને કારણે સ્વાદિષ્ટ લાગે એથી આપણા મનમાં ભ્રમ નિર્માણ થઈ શકે.

ભોજન બનાવ્યા પછી જમતા પહેલા એની આહુતિ શા માટે આપવામાં આવે છે.

ભોજન માત્ર પેટ ભરવાની ક્રિયા નથી, તે યજ્ઞ છે. યજ્ઞનો સ્થૂળ અર્થ છે અગ્નિમાં પદાર્થની આહુતિ આપવી. આપણે ભોજન કરીએ છીએ ત્યારે જઠરાગ્નિને આહુતિ આપીએ છીએ. તે પૂર્વે જે અગ્નિને કારણે ભોજન બને છે તે અગ્નિને પણ અન્નની આહુતિ આપવી એ એના પ્રત્યે આદર અને કૃતજ્ઞતાની ભાવના વ્યક્ત કરવા બરાબર છે. જઠરાગ્નિ આપણા શરીરને કાર્યરત રાખે છે જ્યારે બહારનો અગ્નિ વિશ્વને કાર્યરત રાખે છે. અન્નની આહુતિ એ વિશ્વને ટકાવવા માટે આપણે આપેલો નાનકડો ફાળો છે.

ભોજન શરૂ કરતા પહેલા પ્રાર્થના શા માટે કરવી જોઈએ.

ભોજન શરૂ કરતા પહેલા પ્રાર્થના કરવાથી મન શાંત અને સ્થિર બને છે. ભોજન બનાવનારનું અને ભોજન આપનારનું સ્મરણ રહે છે. આપણે એક સત્કાર્ય કરી રહ્યા છીએ એનું ભાન રહે છે. ભોજનથી પ્રાપ્ત પુષ્ટિ અને સદુપયોગ કરવાની જવાબદારીનો બોધ થાય છે. તેથી પ્રાર્થના કરવી જોઈએ.

ઉભા ઉભા જમવામાં સગવડ પડે છે તો ઉભા ઉભા જમાય કે કેમ ?

ઉભા ઉભા ન જમાય એનાથી મન સ્થિર રહેતું નથી,
પાચન મંદ પડે છે,
થાળી વગેરે પકડવામાં અગવડ જ પડે છે.
ભોજનની પવિત્રતા કે શુદ્ધિ જળવાતી નથી.
એ શિસ્ત અને સંસ્કારયુક્ત આચરણ નથી. ■

hemangidmehta@gmail.com

# બેરાલાલ આવ્યા એટલે સૌએ તાળિયોથી વધાવ્યા



**લાગે તો તીર..**



કાળુભાઇ ભાડ

બોસ, બકો અને અભણ અમથાલાલ. હાથમાં ફુલહાર રાખીને ઉભા હતા. ત્રણેયના ચહેરા ઉપર હાસ્ય રમતું હતું. કારણ હતું. આજે 'લાગે તો તીર.. 'માં એક નવા સભ્ય 'બેરાલાલ'ની એન્ટ્રી થવાની હતી.

બેરાલાલ આવ્યા એટલે સૌએ તાળિયોથી વધાવ્યા. ફુલહારથી સન્માન કર્યુ.

બોસે વાતની શરૂઆત કરી. "બેરાલાલ, આમ ઓચિંતા આવવાનું કારણ ? અને અત્યાર સુધી ક્યાં હતા??" "ભાઈ! જરા જોરથી બોલજો કાનમાં ધાક પડી ગઈ છે. ફટાકડા બહું ફૂટ્યાને એટલે." બકાએ મમરો મૂકયો.

"એક તો બેરાલાલ બેરા અને ઉપરથી ધાક. આ તો દુકાળમાં અધિક જેઠ જેવું થયું." "શું કહ્યું!??" બેરાલાલે સામું જોયું. "કંઈ નહીં, કંઈ નહીં. તમ તમારે હાંકે રાખો." બોસે વધારે જોરથી કહ્યું. "અત્યાર સુધી ક્યાં હતા??" "દિલ્હી! બીજે ક્યાં!? બીજે આપણને ફાવે નહીંને !!"

"તો પછી.., પાછા કેમ આવ્યા? " "સરકાર બદલાણી એટલે. હવે અમારો ભાવ કોણ પુછે." "તમને અહીં ફાવશે ?"

"એમ તો શીશમહેલ વગર એમનેય નહીં ફાવે પણ છતાંય ફવડાવવુ તો પડશે. પંદર વીસ લાખનું કમોડ સપનામાં આવશે. પણ.., એના વગર હકાલવુ પડશે. જેઠાલાલની માફક કાયમચૂર્ણ લઈ લેશું."

"હા પણ, તમે ન્યા કરતા 'તા શું? એ તો કહો."

"હંધાય ભેગા મળીને સરકારને હલાવતા 'તા."

"ઓ હો..હો. તમારી તો વગ ઠેઠ ઉપર સુધી છે ?"

"હા..હા..! ઠેઠ ઉંટડા હુધી." "મતલબ!??"

"નો હમજયા? ઉંટડા હુધી એટલે, મોટી ખુરશી હુધી."

"તો તો તમે શીશમહેલ જોયો હશેને ?"

"અમે મેલથી જેલ હંધુય જોયું છે. શું નથી જોયું? ઈ તમારે હોધવું પડે."

"તો તો તમારે અન્ના હજારે હારે હારા સંબંધો હશે."

"કોણ ? ઓલ્યા ટોપી વાળા દાદા !??"

"હા હા. ઈ જ. એની જ વાત છે."

"એણે જ અમારી ટોપી ફેરવી છે. મતલબ પથારી ફેરવી છે."

"હા, પણ પથારી તો તમે ફેરવીને !!?? પેલા એની પથારીમાં હતા અને પછી સેવા ઓછી પડી એટલે નવી પથારી કરી." "હવે એ બધું તો, મારી હાર્ડ ડિસ્કમાં નથી. એ બધું ડાઉનલોડ પહેલાનું છે."

"અચ્છા તો તમે ગુજરાતમાં આવી ગયા. મતલબ, તમારે સંબંધ પુરા?"

"હોય વળી!? હજી કાલે જ ફોન હતો અરવિંદજીનો."

"શું કહેતા હતા? હવે નવી ચૂંટણી તો પાંચ પછી આવશેને!! ત્યાં સુધી તમારું શું કામ ?"

"એટલે જ તો ફોન હતો. જગ્યાનું પુછતા 'તા.

મારી ક્યાંક જગ્યા કરો.., જગ્યા કરો. જગ્યા વગર ફાવશે નહીં."

"બેરાલાલ અહીંયાં તો જગ્યાની તાણ જ નથી. હા, હમણાં થોડીઘણી ખેંચતાણ હાલે છે. પણ, આપણી જગ્યામાં એમને ફાવશે ?"

"હવે ઈ જગ્યાની વાત નથી. એમની જગ્યાની વાત છે."

"હવે આપણા ગુજરાતમાં એવી જગ્યાને લાયક કેટલાય મુરતિયાઓ આંટાફેરા મારે છે. અને એને જગ્યા જોઈએ છે?

તમારી ભૂલ થતી હશે, બેરાલાલ. એમણે પંજાબની વાત કરી હશે. ન્યા હમણાં હખળ-ડખળ હાલે છે."

"તમે મને હાવ બેરો હમજો છો ? બોસ, ન્યાંની વાત તો પેલાં જ થઈ ગઈ છે.

એમણે રાતે હા પાડી ને હવાર થયું તો ના પાડી દીધી."

"મને કાંઈ હમજણનો ટપો ના પડયો, બેરાલાલ.

આ હાંજ ને હવાર ઈ બધું હું છે ?"

"તમારે ગુજરાત વાળાનો આ એક મોટો વાંધો. બીજા રાજ્યોમાં રાતની વાત નોંખી હોય અને હવારની વાતે 'ય નોંખી હોય."

"હા, પણ.. અમારે ગુજરાત વાળાને આવી વાતો કરવાનો અને કરાવવાનો પ્રતિબંધ છે ને."

"પ્રતિબંધની વાત તો તમે રહેવા જ દેજો, બોસ."

"હા પણ, મેં તો હાંભળ્યું છે કે, પંજાબમાં તો ઈ માણસ રાતે અને દિવસે આ જ વાતું કરે છે.

બાકી, હાસુ ખોટું રામ જાણે."

"હવે એવી રાતને 'દિ વાતું કરવા વાળાની અહીં ગુજરાતમાં 'ય ક્યાં તાણ છે??

પણ, મને એમણે ઈ જગ્યાનું નહોતું કીધું."

"તો પછી.., ગુજરાતમાં એવી બીજી કઈ જગ્યા છે??"

"સુરત સુરત. ન્યાં એમને જગ્યા જોઈએ છે."

"હવે સુરતમાં સીટો આવી 'તી ઈ સમય વયો ગ્યો.

એની ઉપર તાપીના કેટ- કેટલાં 'ય પાણી વહી ગયા."

"અરે..બોસ, ઈ જગ્યા તો એ કે દાડાના ભૂલી 'ય ગયા છે. એને હવે ઈ ગણતાં 'ય નથી."

"તો પછી બીજી કઈ જગ્યાની વાત છે?"

"હીરામાં ઘંટીએ જગ્યાની વાત છે. એમને હવે હીરા ઘસવા છે."

"બેરાલાલ, તમે હું વાત કરો છો!? હીરામાં તો મંદી છે. જગ્યા મળવી મુશ્કેલ છે. તમારે હાંભળવા ફેર થયો હશે. ફોન રાતે હતો કે, દિવસે??" "સંધ્યા ટાણે હતો."

"તો પછી, આપણે ન્યાં એમની એક જગ્યા ખાલી છે. એ છે વિસાવદરની. ન્યાં કોકડું ગુંચવાયેલુ છે." ■

kalubhaibhad123@gmail.com

# ધો.૧૨ કોમર્સ બાદ આ કોર્સ કરો, જલ્દી નોકરી મળશે

**જીવન તરંગ**



જયસ્વી પટેલ

ધો. ૧૨ કોમર્સ પાસ કર્યા પછી તમને અનેક અભ્યાસક્રમ મળી રહેશે. જો કે, એ બધામાં ઉત્તમ કોર્સ કેવી રીતે પસંદ કરવો એ વિદ્યાર્થીઓ માટે મોટી મૂંઝવણ બની રહે છે. તો ચાલો જાણીએ કે તમારા માટે કયા સારા વિકલ્પ છે.

ગુજરાત બોર્ડ અને સીબીએસઈ બોર્ડનું ધોરણ ૧૨નું પરિણામ જાહેર થયા બાદ વિદ્યાર્થીઓને માટે પ્રશ્ન એ ઊભો થાય છે કે, હવે શું કરવું ? શું ભણવું ? કયો અભ્યાસ કરવો ? ધો. ૧૨ પછી તમને અનેક અભ્યાસક્રમ મળી રહેશે. જો કે, એ બધામાં શ્રેષ્ઠ કોર્સની પસંદગી કરવી એ વિદ્યાર્થીઓ માટે મોટી મૂંઝવણ બની રહે છે.

આ તબક્કો એ તમારા અને તમારી કારકિર્દી માટે ખૂબ મહત્ત્વપૂર્ણ તબક્કો છે. આ સમયે વિચાર્યા વિના લીધેલો નિર્ણય તમને આખી જિંદગી પસ્તાવો કરવા મજબૂર કરી શકે છે. તેથી તમારી લાયકાત, સારી નોકરીના વિકલ્પ, રસ-રુચિને ધ્યાને રાખી, યોગ્ય વિકલ્પ તમારે પસંદ કરવો જોઇશે.

તમારા માટે કયો વિકલ્પ યોગ્ય રહેશે તે નક્કી કરવા માટે હું તમને કેટલાંક સૂચન આપું છું, જે ધો.૧૨ પાસ કર્યા પછીની કારકિર્દી ઘડવામાં મદદરૂપ નીવડશે.

કોમર્સના વિદ્યાર્થીઓ ધો.૧૨ પછી ફાઈનાન્સ, બેંકિંગ કે એકાઉન્ટ ક્ષેત્રમાં પોતાની કારકિર્દી બનાવી શકે છે.


**- ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ :**

ચાર્ટર્ડ એકાઉન્ટન્સી એ આજના સૌથી પ્રતિષ્ઠિત અભ્યાસક્રમ પૈકીનો એક છે. ધો.૧૨નું રિઝલ્ટ જાહેર થયા બાદ કોઈપણ પ્રવાહના વિદ્યાર્થીઓ સીએ કોર્સમાં પ્રવેશ લઈ શકે છે. છેલ્લાં વર્ષોમાં ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા અને GST જેવા ટેક્સ સુધારાને કારણે CAની માગમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. આ કોર્સ અન્ય પ્રોફેશનલ કોર્સ કરતાં ખર્ચમાં સસ્તો છે.



જો તમે સખત અભ્યાસુ હોવ અને માર્ગદર્શન માટે સારી સંસ્થામાં કોચિંગ લઈ રહ્યા હો, તો તમે ૪ વર્ષમાં આ કોર્સ પાસ કરી શકો છો. અને ધો.૧૨ પાસ કર્યાના ૪ વર્ષ પછી, તમે સારી કંપનીમાં CAના હોદ્દા પર કામગીરી કરી શકો છો કે પછી સ્વતંત્ર રીતે તમારું કામ કરી શકો છો. આ કોર્સ કર્યા પછી તમારી આવક વધવાની સાથોસાથ સમાજમાં તમારી પ્રતિષ્ઠામાં પણ વધારો થશે.

..........



**- કંપની સેક્રેટરી :**

કોમર્સના વિદ્યાર્થીઓ માટે કંપની સેક્રેટરી પણ એક સારો વિકલ્પ છે. કંપની સેક્રેટરી કોર્સ કંપનીને લગતી તમામ નાણાકીય અને કાયદાકીય બાબતોને વધુ સારી રીતે સમજે છે, તેથી તે કંપનીને અન્યો કરતાં વધુ સારી રીતે ચલાવી શકે છે. કંપની સેક્રેટરી કોર્સ કોમર્સના વિદ્યાર્થીઓને ઉત્તમ કારકિર્દી બનાવવાની તક પૂરી પાડે છે. આ કોર્સમાં એડમિશન લેવા માટે ઉમેદવારે ઈન્સ્ટીટ્યુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા ખાતે ફાઉન્ડેશન કોર્સ માટે રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. આ ફિલ્ડમાં નોકરી મેળવ્યા બાદ ઉમેદવારને લાખોનો પગાર મળે છે.

..........

**- બેચલર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન :**



ધો.૧૨ પાસ કર્યા પછી બેચલર ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનનો કોર્સ પણ કારકિર્દી માટે સારો વિકલ્પ છે. જો કે, બીબીએ કરવાનો ફાયદો તો જ છે જો એ પછી તમે માસ્ટર ડિગ્રી એમબીએ કરો. જો તમે સારી કોલેજમાંથી બીબીએ અને એમબીએ કરો છો, તો તમારા માટે કારકિર્દીના ઘણા વિકલ્પ ખુલે છે. એમબીએ પ્રોફેશનલનું કામ કોઈ પણ કંપનીનું મેનેજમેન્ટ સંભાળવાનું હોય છે. કોઈપણ કંપનીના સીઈઓના ઉચ્ચ હોદ્દા પર એમબીએ વ્યાવસાયિકો છે.

..........

**- બેચલર્સ ઓફ કોમર્સ :**

કોમર્સ વિદ્યાશાખામાં ધો.૧૨ પાસ કર્યા પછી તમે બી.કોમ કરી શકો છો. બી. કોમનો અભ્યાસ કરવાથી એકાઉન્ટ્સ અને બિઝનેસ મેનેજમેન્ટ જેવા વિષયની તમારી સમજ વધે છે. આ ૩ વર્ષના કોર્સમાં



તમને ઘણું બધું શીખવા મળી શકે છે, જે કોઈપણ ક્ષેત્રની કેરિયર બનાવવા માટે તમને ઉપયોગી નિવડી શકે છે. તમારી કુશળતા વધારવા માટે બી.કોમ પછી વધારાના અભ્યાસક્રમ કરવાની જરૂર રહે છે.

..........

**- બેચલર ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ :**

બેચલર ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ એ ૩ વર્ષનો કોર્સ છે. આ કોર્સ કર્યા પછી કોમર્સના વિદ્યાર્થીઓ ઘણી સારી કંપનીમાં નોકરી માટે અરજી કરી શકે છે. જોબ મેળવવા માટે આ કોર્સ ખૂબ સારો છે, આ



પછી ઘણી સારી કંપનીઓ જોબ ઓફર કરે છે. ■

sanjogpurti@gmail.com

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# અમરેલી જિલ્લામાં નગરપાલિકા અને તાલુકા પંચાયતમાં જીતેલા ઉમેદવારની યાદી

## જાફરાબાદ નગરપાલિકામાં વિજેતા ઉમેદવારની યાદી

| વોડનું નામ | ઉમેદવારનું નામ | મળેલ મત | Party |
|---|---|---|---|
| વોર્ડ -૨ | કનૈયાલાલ ગાંડાભાઈ સોલંકી | ૧૯૨૪ | BJP |
| | ધર્મેશકુમાર બાબુભાઈ સોલંકી | ૧૭૧૬ | BJP |
| વોર્ડ -૩ | બાલકૃષ્ણ રામજીભાઈ સોલંકી | ૧૯૧૭ | BJP |
| | મિતલબેન મયુરભાઈ બારૈયા | ૧૮૯૧ | BJP |
| | સરસ્વતીબેન બાબુભાઈ બારૈયા | ૧૬૮૪ | BJP |
| | સુરેશભાઈ ભગુભાઈ સોલંકી | ૧૬૮૧ | BJP |
| વોર્ડ -૪ | દેવીબેન સુરેશભાઈ સોલંકી | ૧૫૧૩ | BJP |
| | ભરતભાઈ કાનાભાઈ બારૈયા | ૧૫૧૮ | BJP |
| | મીનાબેન મગનભાઈ બારૈયા | ૧૨૪૬ | BJP |
| | રાજેશભાઈ ઉકાભાઈ ભાલીયા | ૧૩૦૭ | BJP |
| વોર્ડ -૬ | વિનોદભાઈ છગનભાઈ સોલંકી | ૧૫૪૩ | BJP |
| | સુનિલભાઈ મોહનભાઈ બારૈયા | ૧૭૮૮ | BJP |

## રાજુલા નગરપાલિકામાં વિજેતા ઉમેદવારની યાદી

| વોડનું નામ | ઉમેદવારનું નામ | મળેલ મત | Party |
|---|---|---|---|
| વોર્ડ-૧ | અબ્દુલભાઈ જુસબભાઈ ભોંકીયા | ૧૫૭૪ | BJP |
| | આરીફભાઈ મહેબુબભાઈ જોખીયા | ૧૬૧૦ | BJP |
| | કોમલબા કૃપાલસિંહ ગોહિલ | ૧૬૨૮ | BJP |
| | મંજુલાબેન અતુલભાઈ વાઘેલા | ૧૪૨૪ | BJP |
| વોર્ડ-૨ | દિક્ષાબેન હિંમતભાઈ મકવાણા | ૧૨૨૯ | BJP |
| | ભાવનાબેન નાગજીભાઈ ઝીંઝાળા | ૧૧૬૧ | BJP |
| | રાહુલભાઈ સુરેશભાઈ મકવાણા | ૧૨૫૬ | BJP |
| | હિંમતભાઈ દુલાભાઈ જીંજાળા | ૧૨૨૦ | BJP |
| વોર્ડ -૩ | એકતાબેન ભાવેશભાઈ ગુજરીયા | ૧૬૯૭ | BJP |
| | માધવીબેન કૈલાશભાઈ શિયાળ | ૧૬૧૩ | BJP |
| | રજનીભાઈ બાબુભાઈ જાલંધરા | ૧૪૯૭ | BJP |
| | રવુભાઈ આપાભાઈ ખુમાણ | ૧૫૬૫ | BJP |
| વોર્ડ -૪ | અક્ષયરાજ અશોકભાઈ ધાખડા | ૧૭૨૦ | BJP |
| | જલ્પાબેન રાજેશકુમાર ઝાંખરા | ૧૫૬૬ | BJP |
| | દિલીપભાઈ મોહનભાઈ ચૌહાણ | ૧૩૮૭ | BJP |
| | સીદીકા ઝહેરા મુની બાસીતરજા મુની | ૧૩૧૮ | BJP |
| વોર્ડ-૫ | ઘનશ્યામભાઈ ભગવાનભાઈ વાઘ | ૧૮૫૧ | BJP |
| | જયોતિબેન મયુરભાઈ દવે | ૧૭૫૮ | BJP |
| | પાયલબેન વિપુલકુમાર બાવળીયા | ૧૭૧૯ | BJP |
| | સંજયભાઈ જસુભાઈ ધાખડા | ૧૬૩૫ | BJP |
| વોર્ડ -૬ | અર્ચનાબેન પરાગકુમાર જોષી | ૧૩૨૦ | BJP |
| | ગીતાબેન ઘનશ્યામભાઈ લાખણોત્રા | ૧૩૫૧ | BJP |
| | ભરતભાઈ જેન્તીભાઈ જાની | ૧૩૧૬ | BJP |
| | હેમલકુમાર લવજીભાઈ વસોયા | ૧૨૨૦ | BJP |
| વોર્ડ -૭ | કનુભાઈ સાદુળભાઈ ધાખડા | ૧૪૬૨ | BJP |
| | ગીતાબેન શામજીભાઈ વાઘ | ૧૬૨૬ | BJP |
| | ધવલભાઈ વસંતરાય દુધરેજીયા | ૧૪૮૩ | BJP |
| | નિધિ રણછોડભાઈ મકવાણા | ૧૫૭૨ | BJP |

## લાઠી નગરપાલિકામાં વિજેતા ઉમેદવારની યાદી

| વોડનું નામ | ઉમેદવારનું નામ | મળેલ મત | Party |
|---|---|---|---|
| વોર્ડ -૧ | નિતીનભાઈ મગનભાઈ સોલંકી | ૯૭૭ | BJP |
| | પારસબેન હસમુખભાઈ ગોહિલ | ૮૦૦ | INC |
| | ભાવનાબેન ભુપતભાઈ જાદવ | ૮૫૭ | BJP |
| | લાલજીભાઈ મેઘાભાઈ મેર | ૮૩૫ | BJP |
| વોર્ડ -૨ | કેતન કનુભાઈ રામાણી | ૬૯૪ | BJP |
| | ભારતીબેન શૈલેષભાઈ પોકીયા | ૫૪૪ | BJP |
| | શર્મિષ્ઠા ઘનશ્યામભાઈ કોટડીયા | ૪૯૩ | INC |
| | કલ્પેશભાઈ શંભૂભાઈ મેતલીયા | ૭૧૩ | IND |
| વોર્ડ -૩ | અમીનમીયા યુસુફમીયા લકીયારી | ૭૭૩ | BJP |
| | અશોકભાઈ મનજીભાઈ ચાવડા | ૯૫૭ | BJP |
| | કલ્પનાબેન જીજ્ઞેશભાઈ કોટડીયા | ૧૦૦૯ | BJP |
| | ક્રિષ્નાબેન જયદીપભાઈ પાડા | ૮૬૧ | BJP |
| વોર્ડ -૪ | પારૂલબેન ભરતભાઈ ડેર | ૭૯૨ | BJP |
| | મહેશભાઈ ઘીરુભાઈ બોરીચા | ૭૬૧ | INC |
| | સુરેશભાઈ લાલજીભાઈ ગોયાણી | ૮૩૦ | INC |
| | હેતલબેન વિપુલભાઈ પરમાર | ૮૫૬ | INC |
| વોર્ડ -૫ | દયાબેન ચેતનભાઈ જમોડ | ૭૮૩ | BJP |
| | ભરતભાઈ અરજણભાઈ ડાંગર | ૮૪૫ | BJP |
| | વિનુભાઈ વાઘજીભાઈ ભાતીયા | ૭૫૭ | BJP |
| | હકુબેન દેહુરભાઈ ભુવા | ૬૬૯ | BJP |
| વોર્ડ -૬ | કિશોરભાઈ બાબુભાઈ રાણવા | ૪૯૨ | BJP |
| | જયાબેન પ્રવિણભાઈ બઢિયા | ૪૬૦ | BJP |
| | દર્શનાબેન પ્રમોદભાઈ ગાંગડીયા | ૫૦૨ | BJP |
| | બાબુભાઈ હિરજીભાઈ ઘોળકીયા | ૫૭૫ | BJP |

## અમરેલી નગરપાલિકામાં વિજેતા ઉમેદવારની યાદી

| વોડનું નામ | ઉમેદવારનું નામ | મળેલ મત | Party |
|---|---|---|---|
| વોર્ડ -૫ | કોમલ સંજયભાઈ રામાણી | ૧૭૩૪ | BJP |
| વોર્ડ -૭ | માધવીબેન રાજનભાઈ જાની | ૧૭૯૮ | INC |

## દામનગર નગરપાલિકામાં વિજેતા ઉમેદવારની યાદી

| વોડનું નામ | ઉમેદવારનું નામ | મળેલ મત | Party |
|---|---|---|---|
| વોર્ડ -૨ | જયંતિભાઈ બાલાભાઈ નારોલા | ૫૩૫ | BJP |
| વોર્ડ -૩ | હંસાબેન અરવિંદભાઈ સાંદપરા | ૫૧૭ | BJP |

## ચલાલા નગરપાલિકામાં વિજેતા ઉમેદવારની યાદી

| વોડનું નામ | ઉમેદવારનું નામ | મળેલ મત | Party |
|---|---|---|---|
| વોર્ડ-૧ | નયનાબેન વનરાજભાઈ (ભયલુભાઈ) વાળા | ૭૦૨ | BJP |
| | મનસુખભાઈ નાથાભાઈ ગેડીયા | ૬૮૧ | BJP |
| | રેણુકાબેન તેજશગીરી ગોસાઈ | ૬૩૨ | BJP |
| | હિંમતભાઈ મનુભાઈ દોંગા | ૬૯૯ | BJP |
| વોર્ડ -૨ | અવીરતભાઈ બિચ્છુભાઈ માલા | ૯૩૪ | BJP |
| | પરેશભાઈ મનસુખભાઈ કાથરોટીયા | ૧૦૪૯ | BJP |
| | ભુમીબેન જયરાજભાઈ વાળા | ૯૯૨ | BJP |
| | મુકતાબેન કૌશિકભાઈ પરમાર | ૮૮૪ | BJP |
| વોર્ડ -૩ | આરતીબેન ચાંપરાજભાઈ ઘાઘલ | ૮૫૪ | BJP |
| | જયાબેન મનસુખભાઈ કાથરોટીયા | ૭૮૬ | BJP |
| | પ્રવિણભાઈ બાવચંદભાઈ માળવીયા | ૭૭૧ | BJP |
| | હિતેષભાઈ જયંતિભાઈ રામાણી | ૮૦૬ | BJP |
| વોર્ડ-૪ | કેતનભાઈ મધુભાઈ સરવૈયા | ૮૮૯ | BJP |
| | ચેતનાબેન અશોકભાઈ તલાટીયા | ૮૯૪ | BJP |
| | ભરતભાઈ મધુભાઈ માલવીયા | ૭૨૦ | BJP |
| | વનિતાબેન કાળીદાસ લશ્કરી | ૬૩૦ | BJP |
| વોર્ડ -૫ | ખેરૂનબેન તાજમહમદભાઈ બ્લોચ | ૮૬૧ | BJP |
| | દલસુખભાઈ ભીખાભાઈ ગોહિલ | ૭૬૬ | BJP |
| | રમાબેન ચતુરભાઈ સુરેલા | ૭૧૮ | BJP |
| | શિવરાજભાઈ બિચ્છુભાઈ વાળા | ૭૦૫ | BJP |
| વોર્ડ -૬ | અનીરૂધ્ધભાઈ (લાલભાઈ) દિલુભાઈ વાળા | ૧૦૦૦ | BJP |
| | જયશ્રીબેન ભરતભાઈ સોલંકી | ૯૧૭ | BJP |
| | શાંતાબેન લાલજીભાઈ રાઠોડ | ૮૮૪ | BJP |
| | હિતેશભાઈ ચંદુલાલ રાજ્યગુરૂ | ૮૭૯ | BJP |

## સા.કુંડલા નગરપાલિકામાં વિજેતા ઉમેદવારની યાદી

| વોડનું નામ | ઉમેદવારનું નામ | મળેલ મત | Party |
|---|---|---|---|
| વોર્ડ -૩ | ગૌતમભાઈ વિનુભાઈ સાવજ | ૧૬૨૦ | BJP |

## મીઠાપુર ડુંગરી તાલુકા પંચાયતમાં વિજેતા ઉમેદવાર

| સીટનું નામ | ઉમેદવારનું નામ | મળેલ મત | Party |
|---|---|---|---|
| મીઠાપુર ડુંગરી | ભનુબેન મંગળુભાઈ વાળા | ૧૧૧૭ | BJP |

## લાઠી નગરપાલિકામાં અપક્ષ ઉમેદવાર કલ્પેશ મેતલીયાની જંગી લીડથી જીત

લાઠી, તા.૧૮

લાઠી નગરપાલિકાની ચૂંટણીમાં મોટો અપસેટ સર્જાયો છે. જેમાં અપક્ષ ઉમેદવાર કલ્પેશ મેતલીયાએ રાષ્ટ્રીય પક્ષોને હરાવીને જંગી લીડથી વિજય મેળવ્યો છે. લાઠી નગરપાલિકાની ટીકીટ ફાળવણી વખતે કલ્પેશ મેતલીયાએ ભાજપમાં દાવેદારી નોંધાવી હતી. પરંતુ ધારાસભ્ય અને સ્થાનિક આગેવાનોએ આયાતી ઉમેદવારને ટિકીટ ફાળવતા પ્રચંડ લોકચાહના ધરાવતા કલ્પેશ મેતલીયાએ અપક્ષમાંથી ઉમેદવારી નોંધાવી હતી.

કલ્પેશ મેતલીયાએ વોર્ડ નં.૨માં સૌથી વધુ ૭૧૩ મત મેળવી મોટો અપસેટ સર્જયો છે. મોટા રાજકીય પક્ષોનાં ઉમેદવારોને હરાવી કલ્પેશ મેતલીયાએ સ્થાનિક નેતાગીરી સામે પડકાર ઉભો કર્યો છે.



## ધોરાજી નગરપાલિકામાં ભાજપનો ભગવો લહેરાયો

ધોરાજી, તા.૧૮

ધોરાજી નગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીનો ભગવો લહેરાયો છે. નગરપાલિકાના કુલ નવ વોર્ડની ૩૬ બેઠકોની યોજાયેલી ચૂંટણીમાં ભાજપને ૨૪ બેઠક અને કોંગ્રેસને ૧૨ બેઠક મળી છે. ગત ટર્મની સરખામણીએ કોંગ્રેસને વોર્ડ નંબર ચારમાં બે બેઠકોનું નુકસાન થયું છે અને વોર્ડ નંબર પાંચ અને સાતની આઠ બેઠક ગુમાવી છે. ગત ટર્મની સરખામણીએ ભાજપ ૧૪માંથી ૨૪ સીટ પર પહોંચ્યું છે.

## કોડીનાર નગરપાલિકામાં ભાજપની ભવ્ય જીત

કોડીનાર, તા.૧૮

કોડીનાર નગરપાલિકાની યોજાયેલી ચૂંટણીમાં ભાજપે ભવ્ય જીત મેળવી છે. શહેરની તમામ ૨૮ બેઠકો ઉપર ભાજપના ઉમેદવાર વિજેતા થયા છે. છેલ્લા ૩૦ વર્ષથી નગરપાલિકામાં ભાજપનું શાસન અને પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકી જૂથનો દબદબો યથાવત રહ્યો છે. ચૂંટણી પૂર્વે જ ભાજપે ચાર બેઠક બિનહરીફ મેળવી હતી. જ્યારે આજે બાકીની ૨૪ બેઠકો ઉપર



ભાજપે ભવ્ય વિજય મેળવ્યો હતો. અનેક કાવાદાવા અને એડીચોટીનું જોર લગાવવા છતાં કોંગ્રેસ ખાતું ખોલાવવામાં પણ નિષ્ફળ રહી હતી. ગત ટર્મની ચૂંટણીમાં કોંગ્રેસને ચાર બેઠક મળી હતી. જ્યારે આ ચૂંટણીમાં કોંગ્રેસના મોટાભાગના ઉમેદવારોને માત્ર ત્રણ આંકડામાં જ મતો મળ્યા હતા. આથી મોટાભાગના કોંગ્રેસના ઉમેદવારોની ડિપોઝિટ ડૂલ થાય તેવી સ્થિતિ ઊભી થઈ છે. પરિણામની જાહેરાત પછી આતશબાજી અને ડીજેના તાલ સાથે ભવ્ય વિજય સરઘસ કાઢીને માજી સાંસદ દિનુભાઈ સોલંકીએ ભાજપ કાર્યાલય પાસે જાહેરસભા ગજવી હતી.

## કોંગ્રેસ પક્ષના ઉમેદવારો વેચાયા નહીં કે ડર્યા નહીં : શક્તિસિંહ ગોહિલ

અમદાવાદ,તા.૧૮

નગરપાલિકા સહિતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામો આવ્યા બાદ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, અમે સ્વીકાર કરીએ છીએ કે, ગુજરાતમાં શહેરી વિસ્તારોમાં અમારું સંગઠન નબળું હતું. કોંગ્રેસ માટે પરિણામો નિરાશાજનક નથી, પરંતુ ચિંતાજનક જરૂર છે, નગરપાલિકા વિસ્તારમાં કોંગ્રેસ વધુ મહેનત કરવાની જરૂર છે.

## કુતિયાણા નગરપાલિકામાં કાંધલ જાડેજાની પેનલ જીતી

પોરબંદર,તા.૧૮

પોરબંદરમાં કુતિયાણા નગરપાલિકા ૩૦ વર્ષનો રેકોર્ડ તૂટી ગયો છે. આખરે ૩૦ વર્ષે જનતા પરિવર્તન લાવી. રાણાવાવ અને કુતિયાણા નગરપાલિકામાં ભાજપને હાર મળી છે. કાંધલ જાડેજાની પેનલનો વિજય થયો છે. કુતિયાણા મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી સમાજવાદી પાર્ટી અને ભાજપ વચ્ચે સીધી સ્પર્ધા જોવા મળી છે. કુતિયાણાના ધારાસભ્ય કાંધલ જાડેજાના નાના ભાઈ કાના જાડેજા સામે ઊભા રહ્યાં હતા, જ્યારે છેલ્લા ૩૦ વર્ષથી નગરપાલિકાના પ્રમુખ રહેલા ઢેલીબેન ઓડેદરા અને તેમના પુત્ર ભાજપ તરફથી ઊભા હતા. કુતિયાણા નગરપાલિકાની ૨૪ સીટમાંથી સમાજવાદી પાર્ટીને ૧૪ સીટ મળતા કાંધલ જાડેજાનો દબદબો યથાવત રહ્યો છે. જ્યારે ભાજપને ૧૦ સીટ મળતા ઢેલી બહેનને મોટો ફટકો પડ્યો છે. કુતિયાણા નગરપાલિકાની ચૂંટણીમાં સમાજવાદી પાર્ટીનો ભવ્ય વિજય થયો છે. કુતિયાણામાં જીત બાદ સમાજવાદી પાર્ટીએ જીતની ભવ્ય ઉજવણી કરી.


## -:: જાહેર નોટીસ ::-

આથી અમો નોટીસમાં સહી કરનારા ભંડેરી શૈલેષભાઈ કાળુભા, રહે. અમરેલી, ઠે. માણેકપરા, ખોડીયાર ચોક, શેરી નં.૧૨, તા.જી.અમરેલીના આ જાહેર નોટીસ આપીને જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના માલવીયા પીપરીયા ગામે આવેલ ખેડ ખાતા નં.૪૭૭ ઉપર ચાલતી જમીન (૧) રે.સ.નં.૪૬૩, (જુનો રે.સ.નં.૩૦/પૈકી ૬/પૈકી ૧), હે.આરે. ૧-૪૫-૭૧ તથા (૨) રે.સ. નં.૪૬૭, (જુનો રે.સ.નં.૨૭ પૈકી ૧/પૈકી ૧), હે.આરે. ૧-૭૪/૭૭ વાળી ખેતીની જમીનોનો સ્વતંત્ર/ સુયંકત રીતે કબજો ભોગવટો ધરાવીએ છીએ, અને અમો સ્વતંત્ર/સુયંકત રીતે વહીવટ, વ્યવસ્થાઓ કરીએ છીએ. તેથી આ જાહેર નોટીસથી તમામને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત ખેતીની જમીન હાલ અમારે વેચાણથી આપવાની હોય અને લાગુ સબરજીસ્ટ્રાર કચેરીમાં જમીન ખરીદનારના નામનો વેચાણ દસ્તાવેજ નોંધાવવાનો હોય તેથી વેચાણને લગતી કરવી પડતી કાર્યવાહીઓ ટૂંક સમયમાં પૂર્ણ કરવાની હોય તેથી અમો આ જાહેર નોટીસ દ્વારા જાહેર કરીએ છીએ કે ઉપરોકત ખેતીની જમીન અને તેની સાથે જોડાયેલા માલીકીના હક્કો તથા કબજા ભોગવટાના તમામ પ્રકારના હક્કો તથા જામીનગીરી હક્કો કે જમીનને લગતા અન્ય સુખાધીકારના હક્કો પરત્વે કોઈ વ્યકિત, શખ્સ, સંસ્થાઓ, પેઢી, કંપનીઓ, એસોસીએશન, બેન્ક, નાણાંકીય સંસ્થા કે કોઈનો કોઈપણ પ્રકારનો હક્કો, હિસ્સાઓ, લાગભાગ, બાનાખત, સાટાખત, મોં બદલાના કરાર, અને અન્ય કરારો કે લીયન ચાર્જ બોજો કે એફોસેબલ રાઈટસ એકસનેબલ કલેઈમ કે આ જમીન પરત્વેના ભરણ પોષણના હક્કો કે વારસાઈ હક્કો ધરાવતા હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૦ મા દસ્તાવેજી આધારા પુરાવાઓ સાથે અમોને નીચે જણાવ્યા મુજબના સરનામે રજી.એડી પોસ્ટથી રજુ કરવા જો તે સમય દરમ્યાન આ જમીનના ટાઈટલ બાબતે કોઈ વેચાણ સામે વાંધાઓ રજુ કરવામાં નહી આવે તો સદર જમીન ચોખ્ખા ટાઈટલ હક્કે આવેલી છે, તેમ સમજીને અગર તો કોઈના હક્ક, હિસ્સા, હિત અધિકારો લાગ-ભાગ આવેલા હોય તો તેઓએ જતા(વેવ) કરેલા છે, તેમજ સદરહુ વેચાણ બાબતે તેમની સંપૂર્ણ સહમતી છે, અને નોટીસ સમય પૂર્ણ થયા બાદ ભવિષ્યેપણ આ જમીન સંબંધે કોઈ પોતાના વાંધાઓ, તકરાર ઉભા કરશે તો તેવા વાંધા, તકરાર જમીન ખરીદનારને કે અમો નોટીસ પ્રસિધ્ધ કરનારે લાગુ પડશે નહી, તે આ નોટીસમાં નીચે સહી કરીને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે. તેમજ મજકુર જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક, હિત, હિસ્સો, અધિકારો, બોજો કે દાર દાવો નથી, અને હોય તો જતો કરેલ છે. તેમ સમજી, મજકુર જમીન વેચાણ આપવા અંગેની કાર્યવાહી સંપુર્ણ કરી આપીશુ. ત્યારબાદ તે અંગેની કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, દાવો- ફરીયાદ ચાલશે નહી તેની લાગતા વળગતાઓ નોંધ લેવી. તે અંગેની જાણ અમો આ જાહેર નોટીસથી કરીએ છીએ.

**પત્ર વ્યવહારનું સરનામુ :-**
**ભંડેરી શૈલેષભાઈ કાળુભાઈ,**
**શાયોના લીગલ સર્વિસીઝ પ્રા.લી.,**
**C/o.સોહિલ મહેબુબભાઈ ખોખર (એડવોકેટ) B.Com,L.LB,**
**સ્ટેશન રોડ, સોમનાથ કોમ્પેલક્ષ પહેલો માળ, નગરપાલિકા કચેરીની સામે,મુ.લાઠી, તા.લાઠી, જી.અમરેલી મો.નં.૭૬૯૮૧ ૯૨૧૯૧**

**નોટીસ પ્રસિધ્ધ કરનાર**
**સહી,**
**(ભંડેરી શૈલેષભાઈ કાળુભાઈ)**



## -:: જાહેર નોટીસ ::-

આથી અમો નોટીસમાં સહી કરનારા (૧) ચત્રોલા વિપુલભાઈ મનુભાઈ, રહે. કેરીયાનાગસ, તા.જી.અમરેલી, (૨) સવસવીયા વિનુભાઈ બાવચંદભાઈ, રહે. પુંજાપરા, તા.લીલીયા, જી.અમરેલીના આ જાહેર નોટીસ આપીને જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના માલવીયા પીપરીયા ગામે આવેલ ખેડ ખાતા નં.૪૭૮ ઉપર ચાલતી જમીન રે.સ.નં.૪૬૬, (જુનો રે.સ.નં.૨૮/પૈકી ૨), હે.આરે. ૧-૪૬-૯૧ વાળી ખેતીની જમીનોનો સ્વતંત્ર/ સુયંકત રીતે કબજો ભોગવટો ધરાવીએ છીએ, અને અમો સ્વતંત્ર/સુયંકત રીતે વહીવટ, વ્યવસ્થાઓ કરીએ છીએ. તેથી આ જાહેર નોટીસથી તમામને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત ખેતીની જમીન હાલ અમારે વેચાણથી આપવાની હોય અને લાગુ સબરજીસ્ટ્રાર કચેરીમાં જમીન ખરીદનારના નામનો વેચાણ દસ્તાવેજ નોંધાવવાનો હોય તેથી વેચાણને લગતી કરવી પડતી કાર્યવાહીઓ ટૂંક સમયમાં પૂર્ણ કરવાની હોય તેથી અમો આ જાહેર નોટીસ દ્વારા જાહેર કરીએ છીએ કે ઉપરોકત ખેતીની જમીન અને તેની સાથે જોડાયેલા માલીકીના હક્કો તથા કબજા ભોગવટાના તમામ પ્રકારના હક્કો તથા જામીનગીરી હક્કો કે જમીનને લગતા અન્ય સુખાધીકારના હક્કો પરત્વે કોઈ વ્યકિત, શખ્સ, સંસ્થાઓ, પેઢી, કંપનીઓ, એસોસીએશન, બેન્ક, નાણાંકીય સંસ્થા કે કોઈનો કોઈપણ પ્રકારનો હક્કો, હિસ્સાઓ, લાગભાગ, બાનાખત, સાટાખત, મોં બદલાના કરાર, અને અન્ય કરારો કે લીયન ચાર્જ બોજો કે એફોસેબલ રાઈટસ એકસનેબલ કલેઈમ કે આ જમીન પરત્વેના ભરણ પોષણના હક્કો કે વારસાઈ હક્કો ધરાવતા હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૦ મા દસ્તાવેજી આધારા પુરાવાઓ સાથે અમોને નીચે જણાવ્યા મુજબના સરનામે રજી.એડી પોસ્ટથી રજુ કરવા જો તે સમય દરમ્યાન આ જમીનના ટાઈટલ બાબતે કોઈ વેચાણ સામે વાંધાઓ રજુ કરવામાં નહી આવે તો સદર જમીન ચોખ્ખા ટાઈટલ હક્કે આવેલી છે, તેમ સમજીને અગર તો કોઈના હક્ક, હિસ્સા, હિત અધિકારો લાગ-ભાગ આવેલા હોય તો તેઓએ જતા(વેવ) કરેલા છે, તેમજ સદરહુ વેચાણ બાબતે તેમની સંપૂર્ણ સહમતી છે, અને નોટીસ સમય પૂર્ણ થયા બાદ ભવિષ્યેપણ આ જમીન સંબંધે કોઈ પોતાના વાંધાઓ, તકરાર ઉભા કરશે તો તેવા વાંધા, તકરાર જમીન ખરીદનારને કે અમો નોટીસ પ્રસિધ્ધ કરનારે લાગુ પડશે નહી, તે આ નોટીસમાં નીચે સહી કરીને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે. તેમજ મજકુર જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક, હિત, હિસ્સો, અધિકારો, બોજો કે દાર દાવો નથી, અને હોય તો જતો કરેલ છે. તેમ સમજી, મજકુર જમીન વેચાણ આપવા અંગેની કાર્યવાહી સંપુર્ણ કરી આપીશુ. ત્યારબાદ તે અંગેની કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, દાવો- ફરીયાદ ચાલશે નહી તેની લાગતા વળગતાઓ નોંધ લેવી. ત. અંગેની જાણ અમો આ જાહેર નોટીસથી કરીએ છીએ.

**પત્ર વ્યવહારનું સરનામુ :-**
**(૧) ચત્રોલા વિપુલભાઈ મનુભાઈ,(૨) સવસવીયા વિનુભાઈ બાવચંદભાઈ,**
**શાયોના લીગલ સર્વિસીઝ પ્રા.લી.,**
**C/o.સોહિલ મહેબુબભાઈ ખોખર (એડવોકેટ) B.Com,L.LB,**
**સ્ટેશન રોડ, સોમનાથ કોમ્પેલક્ષ પહેલો માળ, નગરપાલિકા કચેરીની સામે,મુ.લાઠી, તા.લાઠી, જી.અમરેલી મો.નં.૭૬૯૮૧ ૯૨૧૯૧**

**નોટીસ પ્રસિધ્ધ કરનાર**
**સહી,**
**(ચત્રોલા વિપુલભાઈ મનુભાઈ)**
**સહી,**
**(સવસવીયા વિનુભાઈ બાવચંદભાઈ)**

## ચલાલા, રાજુલા અને જાફરાબાદમાં કોંગ્રેસ ખાતુ પણ ખોલી ન શકી

# અમરેલી જિલ્લામાં કેસરીયો લહેરાયો, તમામ નગરપાલિકા પર ભાજપનો ભવ્ય વિજય

અમરેલી, તા.૧૮

અમરેલી જિલ્લામાં ૪ નગરપાલિકા અને મીઠાપુર ડુંગરી તાલુકા પંચાયત સીટ અને અમરેલી, સાવરકુંડલા, દામનગર નગરપાલિકાની પેટાચૂંટણીમાં કેસરીયો લહેરાયો છે. અમરેલી જિલ્લાની જનતાએ ભાજપ પર વિશ્વાસ મુકીને પેટાચૂંટણીમાં સ્પષ્ટ બહુમતી આપી કોંગ્રેસ અને આપના સૂપડા સાફ કરી નાંખ્યા છે. ૩ નગરપાલિકામાં તો કોંગ્રેસ ખાતું પણ ખોલાવી શકી નથી. જયારે લાઠી નગરપાલિકામાં કોંગ્રેસના ફાળે પાંચ બેઠકો આવી છે. અને લાઠીમાં એક અપક્ષે બાજી મારી છે. અમરેલી નગરપાલિકામાં વોર્ડ નં.૫માં ભાજપ અને વોર્ડ નં.૭માં કોંગ્રેસે જીત મેળવી ખાતું સરભર રાખ્યું છે. સાવરકુંડલા નગરપાલિકામાં ભાજપની જંગી મતથી જીત થઈ છે. દામનગરનાં બંન્ને વોર્ડ પર ભાજપે કબ્જો જમાવ્યો છે. જયારે મીઠાપુર(ડુંગરી) બેઠક ભાજપે જાળવી રાખી છે. લેટરકાંડ બાદ પણ જીલ્લાનાં લોકોએ પાંચેય ધારાસભ્યો અને સંસદસભ્યનાં કાર્યો પર ફરી એક વખત જીલ્લામાં ભાજપને જીત આપી છે.

### સાવરકુંડલામાં ગૌતમ સાવજની જીત



સાવરકુંડલા નગરપાલિકાના વોર્ડ નંબર ત્રણની યોજાયેલી પેટાચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો વચ્ચે જંગ જામ્યો હતો. ધારાસભ્ય મહેશ કસવાલાનાં માર્ગદર્શન નીચે આ ચૂંટણીની થયેલી મતગણતરીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર ગૌતમભાઈ સાવજ ૪૭૦ મતથી વિજેતા થયા હતા.

### રાજુલા ન.પા.માં લોકોને સ્થિર શાસનની આશા : તમામ બેઠકો ભાજપનાં ફાળે



ગત નગરપાલિકા ટર્મમાં લગભગ ૧૦ પ્રમુખો બદલાયા અને શહેરની જનતા વિકાસથી વંચિત રહી હોય તેવા માહોલમાં આ વખતે મતદારોએ તમામે તમામ ૨૮ બેઠકો સ્થિર શાસનની આશાએ ભાજપને આપી છે. પૂર્વ ધારાસભ્ય અમરીશ ડેરનાં ભાજપ પ્રવેશ બાદ નબળી પડેલી કોંગ્રેસ અહીં પણ ખાતું ખોલાવી શકી નથી. ધારાસભ્ય હિરાભાઈ સોલંકી, જીજ્ઞેશભાઈ પટેલ સહિતનાં ભાજપનાં આગેવાનોનાં માર્ગદર્શન નીચે જીત બાદ ભવ્ય વિજય સરઘસ કાઢવામાં આવ્યું હતું. આ વખતે ભાજપે સિનિયર આગેવાન રવુભાઈ ખુમાણને પણ મેદાનમાં ઉતાર્યા હતા. તેમણે નગરપાલિકાના પૂર્વ પ્રમુખ સામે જીત મેળવી છે.

### કૌશિક વેકરીયાનાં નેતૃત્વમાં જિલ્લાભરમાં ભાજપની ભવ્ય જીત



અમરેલી જિલ્લામાં ૪ નગરપાલિકા ચલાલા, લાઠી, રાજુલા અને જાફરાબાદ સામાન્ય ચૂંટણી તેમજ ૩ નગરપાલિકા અમરેલી,સાવરકુંડલા અને દામનગર અને મીઠાપુર (ડુંગરી) તાલુકા પંચાયત સીટની પેટાચૂંટણીની મતગણતરી થતાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપનો ભવ્ય વિજય થયો છે. જાફરાબાદ નગરપાલિકાની ૧૬ સીટ પહેલેથી બિનહરીફ થયેલ હતી બાકીની ૧૨ સીટ પર ભાજપે જંગી બહુમતિથી વિજય પ્રાપ્ત કર્યો છે. ભાજપે ૨૮ બેઠકમાંથી ૨૮ બેઠક કબજે કરતા કોંગ્રેસનો સફાયો થયો છે. જયારે ચલાલામાં ૨૪માંથી ૨૪, રાજુલામાં ૨૮માંથી ૨૮ બેઠકો ભાજપે કબજે કરતાં ત્રણેય નગરપાલિકામાં કોંગ્રેસનો વ્હાઈટવોશ થયેલ છે. લાઠી નગરપાલિકામાં ૨૪ માંથી ૧૮ બેઠકો, અમરેલી નગરપાલિકામાં ૨ માંથી ૧ બેઠક અને દામનગર નગરપાલિકાની ૨ માંથી ૨ બેઠક ભાજપને ફાળે આવતા કેસરીયો માહોલ છવાયો હતો. જેમાં કાર્યકર્તા દ્વારા આતિશબાજી, ઢોલ નગારા, અને મીઠાઈઓ વહેંચીને વિજયોત્સવ મનાવેલ હતો. ભારતીય જનતા પાર્ટીએ કાર્યકર્તા અને મતદારોનો ભાજપ પર વિશ્વાસ વ્યક્ત કરવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

### જાફરાબાદમાં સતત બીજી વખત તમામ બેઠક પર ભાજપનો કબજો



અમરેલી જિલ્લાનાં છેવાડાનાં તાલુકા જાફરાબાદમાં છેલ્લી બે ટર્મથી તમામ બેઠકો જીતી ભાજપ કેસરીયો લહેરાવી રહી છે. જાફરાબાદ નગરપાલિકામાં અગાઉથી જ ૧૬ ઉમેદવાર બિનહરીફ થયા હતા. જયારે આજે જાહેર થયેલ ૧૨ બેઠકોનાં પરીણામ પણ ભાજપ તરફે આવેલ હતા. તમામ ૨૮ બેઠક કબજે કરી હતી. હીરાભાઈ સોલંકી અને ચેતનભાઈ શિયાળ સહિતનાં ભાજપનાં આગેવાનોએ જીત બદલ કાર્યકર્તાઓને અભિનંદન પાઠવ્યા હતા.

### અમરેલી નગરપાલિકા વોર્ડ નં.૫ માં કોમલબેન રામાણીની જીત



અમરેલી વોર્ડ નં.૫ની રાજીનામાના કારણે ખાલી પડેલી બેઠકની પેટાચૂંટણીમાં બાંધકામ સમિતિના પૂર્વ ચેરમેન કોમલબેન રામાણીએ ૫૧૬ મતોથી ભવ્ય વિજય મેળવ્યો છે. જીત બાદ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ સાથે વિજય રેલી નિકળી હતી.

### કલાપી નગરી લાઠીમાં ભગવો લહેરાયો



કવિ કલાપીની નગરી લાઠી નગરપાલિકા પર ફરી એક વખત ભાજપે ભગવો લહેરાવ્યો છે. સાંસદ ભરત સુતરીયા અને ધારાસભ્ય જનક તળાવીયાનાં નેતૃત્વમાં ભાજપે ૨૪માંથી ૧૮ બેઠક પર જીત મેળવી છે. લાઠીનાં વોર્ડ નં.૨માં અપસેટ સર્જાયો હતો ૨૫ વર્ષથી ભાજપનો ગઢ ગણાતા આ વોર્ડમાં અપક્ષ ઉમેદવાર કલ્પેશ મેતલીયા અને એક બેઠક કોંગ્રેસનાં ફાળે ગઈ હતી. જયારે વોર્ડનં.૬માં ઘણા વર્ષથી કોંગ્રેસની જીત થતી હતી તેમાં ચારેય ભાજપનાં ઉમેદવારોએ વિજય મેળવ્યો હતો. વિજય બાદ લાઠી શહેરનાં માર્ગો પર ભરત સુતરીયા અને જનક તળાવીયા સહિતનાં આગેવાનો વિજય સરઘસમાં જોડાયા હતા. અને તમામ મતદારોનો આભાર વ્યક્ત કર્યો હતો.

### કૌશિક વેકરીયા અને જે.વી.કાકડીયાની કુનેહથી ચલાલામાં ભાજપની ક્લીનસ્વીપ



ચલાલા નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે જ્ઞાતિનાં સમીકરણો ધ્યાનમાં લઈ મોટી સંખ્યામાં નવા જ ઉમેદવારોને ટિકીટ ફાળવી હતી. નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયા અને ધારાસભ્ય જે.વી. કાકડીયાનાં માર્ગદર્શન નીચે લોકોએ ફરી એક વખત સત્તાનું સુકાન ભાજપનાં હાથમાં સોંપ્યું છે. નગરપાલિકાનાં ૬ વોર્ડમાં એકપણ કોંગ્રેસનો ઉમેદવાર વિજય મેળવી શક્યો ન હતો અને ભાજપે ક્લીનસ્વીપ કર્યું હતું. વિજય બાદ ડી.જે.નાં નાદ સાથે મોટી સંખ્યામાં ભાજપનાં કાર્યકરોએ વિજયને વધાવ્યો હતો અને ધાર્મિક સ્થળોનાં દર્શન કરી સંતો-મહંતોનાં આર્શિવાદ મેળવ્યા હતા. મહિલા ઉમેદવાર તરીકે ભૂમિબેન જયરાજભાઈ વાળાએ સૌથી વધુ ૯૯૨ મત મેળવ્યાં હતા. જયારે પુરુષ વિભાગમાં પરેશભાઈ કાથરોટીયાએ સૌથી વધુ ૧૦૪૯ મત મેળવ્યા હતા.

# ધારાસભ્ય વિમલ ચૂડાસમા નગરપાલિકામાં હાર્યા

જૂનાગઢ,તા.૧૮

જુનાગઢમાં ૬૦ બેઠક માટેના જંગમાં જ્યાં ભાજપે ૪૮ અને કોંગ્રેસે ૧૧ બેઠક જીતી છે, ત્યાં એક ઘટનાએ ચિતાખાના ચોકમાં હંગામો થયો છે. એમણે પોતાનાં વિજય સરઘસમાં ઉત્સાહપૂર્વક ભાગ લેનારા કોંગ્રેસના કાર્યકરો પર હુમલો કર્યો હતો. આ હુમલામાં આરોહણ કરતી દૃષ્ટિએ આશરે ૩૦ થી વધુ લોકો સામેલ હોવાના સામેલ છે. મળતી માહિતી અનુસાર, જુનાગઢ કોંગ્રેસના સરઘસમાં અથડામણનો મામલો સામે આવ્યો છે. જુનાગઢના ચિતાખાના ચોક ખાતે બે જૂથ વચ્ચે અથડામણ થઈ હતી. ૧૮મી ફેબ્રુઆરીના રોજ કોંગ્રેસના વિજય પછી ચિતાખાના ચોકમાં ઉત્સાહિત વિજય સરઘસ સામે મોટી અથડામણ બની.જેના કારણે



મેદાની વિવાદ વ્યાપી ગયો હતો. આ સમગ્ર મામલાની ગભીરતા જોતા જિલ્લા પોલીસ વડા,ડીવાયએસપી સહિતના અધિકારીઓ ઘટના સ્થળે પહોચ્યા હતા.જુનાગઢ પોલીસ દ્વારા સમગ્ર વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. સૌથી મોટો ઉલટફેર જૂનાગઢ મનપામાં જોવા મળી રહ્યો છે. કેમ કે, જૂનાગઢ મનપામાં ગિરીશ કોટેચાના પુત્રની હાર થઈ છે. પૂર્વ ડે.મેયર ગિરીશ કોટેચાના પુત્ર પાર્થની હાર થઈ છે. વોર્ડ-૯માં કોંગ્રેસના ઉમેદવારે સામે હારનો સામનો કરવો પડ્યો છે. જેમાં ચોરવાડ નગરપાલિકાના વોર્ડ નંબર-૩માં કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચૂડસમાનો પરાજય થયો છે, નોંધનીય છે કે, જૂનાગઢ મહાનગર પાલિકાની ચૂંટણીમાં વોર્ડ નંબર ૯ની પેનલ તૂટી છે. જ્યાં ભાજપ ૩, અપક્ષ ૧, જ્યારે ગિરીશ કોટેચાના પુત્રની હાર થઈ છે.

## લાઠીમાં કોંગ્રેસનું જોરદાર પ્રદર્શન

# લાઠી નગરપાલિકા ચૂંટણીમાં કોંગ્રેસે પાંચ બેઠકો કબજે કરી



અમરેલી, તા.૧૮

અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની પેટાચૂંટણીમાં ભાજપનાં વંટોળ સામે લાઠીમાં કોંગ્રેસે એકંદરે સારો દેખાવ કર્યો છે. અને પાંચ બેઠકો કબજે કરી છે. વર્ષોથી ભાજપના ગઢ ગણાતા વોર્ડમાં પણ કોંગ્રેસનાં ઉમેદવારો જીત્યા છે. ત્રણ નગરપાલિકામાં એકપણ બેઠક જીતવામાં નિષ્ફળ રહેલ કોંગ્રેસ લાઠીમાં પાંચ બેઠક જીતતા નવા સમીકરણો બનવાની શક્યતાઓ પણ ઉભી થઈ છે. જો કે, લાઠીમાં ભાજપનો ખેલ બળવાખોર ઉમેદવારોએ પણ બગાડ્યો છે. લાઠીમાં કોંગ્રેસ તરફી શર્મિષ્ઠાબેન કોટડીયા, પારસબેન ગોહિલ, હેતલબેન પરમાર, સુરેશભાઈ ગોયાણી અને ધીરૂભાઈ બોરીચાએ ભવ્ય વિજય મેળવ્યો છે. વોર્ડ નં.૧માં ભાજપની પેનલ તૂટી હતી અને તેમા કોંગ્રેસનાં ઉમેદવાર પારસબેન ગોહિલ જીત્યા હતા. તેવી જ રીતે વર્ષોથી વોર્ડ નં.૨ ભાજપનો ગઢ ગણાતો હતો ત્યાં પણ શર્મિષ્ઠાબેન કોટડીયા વિજયી થયા હતા. વોર્ડ નં.૪ની અંદર સુરેશભાઈ ગોયાણી, મહેશભાઈ બોરીચા અને હેતલબેન પરમાર વિજયી થયા હતા. સમગ્ર જીલ્લામાં જોવા જઈએ તો અન્ય નગરપાલિકામાં એક બેઠક મેળવવા પણ કોંગ્રેસને ફાંફા પડી ગયા છે. લાઠી નગરપાલિકામાં પાંચ બેઠક જીતતા જીલ્લા કોંગ્રેસમાં પણ નવો સંચાર થવાની શક્યતા છે. બીજી તરફ ભાજપનો આંતરીક કલેહ પણ લાઠી નગરપાલિકામાં કોંગ્રેસની જીત માટેનું કારણ બન્યું હોવાનું ચર્ચાઈ રહ્યું છે. તાલુકા કોંગ્રેસ પ્રમુખ આંબાભાઈ કાકડીયા અને નરેન્દ્રભાઈ લાડોલાનાં નેતૃત્વમાં ચૂંટણી કામગીરી કરવામાં આવી હતી.

### તાલુકા પ્રમુખ આંબાભાઈ કાકડીયાનાં નેતૃત્વમાં સારો દેખાવ કર્યો

